જૈન શિક્ષાવલી

લેખક:

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

શ્રેણી પહેલી
૭

નિયમો શા માટે?

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

જૈન શિક્ષાવલી

પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઇષ્ટદેવની ઉપાસના
૪ સદ્ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂા. ૬–૦૦. પોસ્ટેજ ૧–૦૦ અલગ. માત્ર ગણતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો તથા હવે પછી પ્રગટ થનારી બીજી શ્રેણીના ગ્રાહક બનો.

નોંધ:–બારમા નિબંધને છેડે આખી શ્રેણીનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારો કરી પુસ્તકોનો ઉપયોગ કરવા વિનંતિ છે.

જૈન શિક્ષાવલી : પુષ્પ સાતમું

નિયમો શા માટે ?

卐

લેખક :
સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

પ્રકાશક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
મુંબઇ – ૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઈ-૯.

પહેલી વાર ૨૦૦૦
સં. ૨૦૧૫, સને ૧૯૫૯
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :–
મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

પ્રકાશકનું નિવેદન

જૈન મહર્ષિઓએ જીવનની સુધારણા માટે જે તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું છે તથા જે આચારની પ્રરૂપણા કરી છે, તે સહુ સરલતાથી સમજી શકે તે માટે **જૈન શિક્ષાવલી**ની યોજના હાથ ધરવામાં આવી છે. હાલ તેમાં બાર પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે, પરંતુ સંયોગો વધારે સાનુકૂળ દેખાશે તો તેમાં બીજાં પુસ્તકો પણ પ્રકટ કરવામાં આવશે.

આ પુસ્તકો દીર્ઘચિંતન–મનનનાં પરિણામે સુંદર શૈલીમાં લખાયેલાં છે, એટલે તે સહુને પસંદ પડશે એમાં શંકા નથી.

જૈન શિક્ષાવલીની યોજના સાકાર બની તેમાં અનેક મુનિરાજો, સંસ્થાઓ અને ગૃહસ્થોનો સહકાર નિમિત્તભૂત છે. ખાસ કરીને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી, તેમનાં વિદ્વાન્ શિષ્ય-રત્ન મુનિરાજશ્રી કીર્તિવિજયજી, પ. પૂ. આ. મહારાજશ્રી વિજયપ્રેમ-સૂરીશ્વરજીનાં શિષ્યરત્નો પૂ. પં. મહારાજ શ્રીભદ્રંકરવિજયજી, પૂ. મુ. શ્રી ભાનુવિજયજી, તથા પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી તેમજ પ. પૂ. આ. મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી, તેમનાં શિષ્યરત્ન મુ. શ્રી રૈવતવિજયજી અને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીના વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી ધુરંધરવિજયજી તથા પ. પૂ. આ. મહારાજશ્રી વિજયધર્મસૂરિજીનાં શિષ્યરત્ન મુનિશ્રી યશોવિજયજી વગેરેએ આ યોજનાને સત્કારી તેને વેગ આપવામાં કિંમતી સહાય આપી છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ. ઉપરાંત શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ ચતુરભાઈ નગીનદાસ (બેલગામવાળા), શ્રીમાન બી. કે. શાહ, યોગી શ્રી ઉમેશચંદ્રજી, શ્રી નાગકુમાર મકાતી તથા જૈનધાર્મિક શિક્ષણસંઘ–મુંબઈના કાર્યવાહકો શ્રી પ્રાણજીવન હ. ગાંધી વગેરેએ આ કાર્યમાં સહકાર આપી અમને ઉત્સાહિત કર્યો છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ. આ પુસ્તકોમાં વિજ્ઞાપન આપનાર દરેક સંસ્થાઓના પણ અમે આભારી છીએ.

પ્રકાશક.

વિષયાનુક્રમ

---o---

૧ સિદ્ધિસદનમાં દાખલ થવાનો દિવ્ય દરવાજો
૨ ચારિત્રની ચારુતા
૩ સંયમસિદ્ધિનું મહત્ત્વ
૪ શું નિયમોનું બંધન ઇચ્છવા યોગ્ય નથી ?
૫ સંયમ અભ્યાસથી સિદ્ધ થાય છે.
૬ નાના નિયમો પણ લાભ કરે છે.
(કુંભારની ટાલ જોવાનો નિયમ લેનારનું દૃષ્ટાંત)
૭ સારા નિયમો સમજ્યા વિના લેવાય તો પણ લાભકર્તા છે.
(વંકચૂલની વાર્તા)
૮ લીધેલા નિયમો અવશ્ય પાળવા જોઈએ.
૯ સુદર્શન શેઠની કથા
૧૦ નિયમ એ જ પ્રત્યાખ્યાન
૧૧ પ્રત્યાખ્યાનના પ્રકારો
૧૨ પ્રત્યાખ્યાન કોની આગળ કરાય ?
૧૩ છ શુદ્ધિ

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

નિયમો શા માટે?

૧–સિદ્ધિસદનમાં દાખલ થવાનો દિવ્ય દરવાજો

જૈન મહર્ષિઓએ ટંકશાળી વચનોમાં જણાવ્યું છે કે 'अगुणिस्स नत्थि मोक्खो—જે પુરુષ ચારિત્રગુણથી રહિત છે, તેનો મોક્ષ થતો નથી.' ચારિત્રગુણ પ્રકટાવવા માટે તેમણે સંયમને આવશ્યક માન્યો છે અને સંયમની સિદ્ધિ માટે વ્રતનિયમોની જરૂર સ્વીકારી છે, એટલે વ્રત-નિયમો સિદ્ધિસદનમાં દાખલ થવાનો દિવ્ય દરવાજો છે, એમ કહીએ તો ખોટું નથી.

૨–ચારિત્રની ચારુતા

ચારિત્રની ચારુતા દર્શાવવા માટે તેમણે જે શબ્દો ઉચ્ચાર્યા છે, તે આપણે પુનઃ પુનઃ મનન કરવા જેવા છે. આ રહ્યા તે શબ્દો :

'હે દેવાનુપ્રિય ! તું ઘણી મહેનતે મનુષ્યપણું પામ્યો અને શ્રુતનું આરાધન કરીને જ્ઞાની થયો, પરંતુ જો (સમ્યક્) ચારિત્રથી રહિત થઈશ તો ફરી સંસારમાં ડૂબી જઈશ, કારણ કે ઘણું સારું જાણનારા જ્ઞાનીઓ પણ ચારિ-ત્રથી રહિત હોવાનાં કારણે આ સંસારમાં ડૂબ્યા છે.'

'ઘણું શ્રુત ભણેલો હોય પણ (સમ્યક્) ચારિત્રથી

રહિત હોય તો તેને અજ્ઞાની જ જાણવો, કારણ કે તેનું જ્ઞાન શૂન્યફળવાળું છે. અંધ મનુષ્ય આગળ લાખો-ક્રોડો દીવા પ્રકટાવ્યા હોય તો પણ શું કામના ?'

'જેમ ચંદનનો ભાર વહન કરનારો ગધેડો તેના ભારનો જ ભાગી થાય છે, પણ તેની સુગંધનો ભાગી થતો નથી, તેમ (સમ્યક્) ચારિત્રથી રહિત એવો જ્ઞાની પઠન-ગુણન-પરાવર્તન-ચિંતનાદિ કષ્ટનો ભાગી થાય છે, પરંતુ તેનાથી પ્રાપ્ત થનાર સિદ્ધિલક્ષણા સદ્‌ગતિનો ભાગી થતો નથી.'

૩-સંયમસિદ્ધિનું મહત્ત્વ

સંયમની સાધના અંગે તેઓ કહે છે :

'અસંયમી પુરુષ ધન વડે ઈહલોક કે પરલોકમાં પોતાની રક્ષા કરી શકતો નથી. ધનના અસીમ મોહથી મૂઢ બનેલો તે પુરુષ ન્યાયમાર્ગ પોતાની સમક્ષ હોવા છતાં તેને જોઇ શકતો નથી. વિવેકરૂપી દીવો બૂઝાઈ જતાં માર્ગ ક્યાંથી દેખાય ?'

'સંસારી મનુષ્ય પોતાના પ્રિય કુટુંબીઓને માટે બૂરામાં બૂરાં કામો કરી નાખે છે, પણ જ્યારે તેનાં ફળો ભોગવવાનો વખત આવે છે, ત્યારે તે એકલો જ દુઃખ ભોગવે છે. કોઈ સગુ વહાલું તેમાં ભાગ પડાવી શકતું નથી.' *

---

* આ વિષયમાં લૌકિક દૃષ્ટાંત નીચે મુજબ અપાય છે : એક ભીલને તેના પિતાએ ધનુર્વિદ્યામાં કુશલ બનાવ્યો હતો તથા જતા આવતા મુસાફરોને યુક્તિથી કેવી રીતે લૂંટી લેવા ? તેનું પ્રયોગાત્મક

'પંડિત પુરુષે મોહનિદ્રામાં પડેલા સંસારી મનુષ્યોની વચ્ચે રહીને પણ જાગરુકતા રાખવી જોઇએ. કાલ નિર્દય છે અને શરીર અનિત્ય છે, એમ જાણીને ભારંડ પક્ષીની જેમ નિત્ય અપ્રમત્તભાવથી વિચરવું જોઈએ.'

શિક્ષણ આપ્યું હતું. તેથી તે લૂંટના કામમાં પાવરધો બન્યો હતો અને તેના વડે જ પોતાનો તથા કુટુંબીજનોનો નિર્વાહ કરતો હતો.

એક દિવસ તે પોતાના ધંધા માટે અરણ્યમાં ફરતો હતો, ત્યાં એક યોગી પાસેના રસ્તેથી પસાર થયા, એટલે પેલા ભીલે તેમનો રસ્તો આંતર્યો અને પાસે જે કંઇ હોય તે મૂકી દઇને ચાલતા થવાનું જણાવ્યું. યોગી પાસે બીજી કોઈ મિલકત તે શી હોય? તેમણે એક ભગવી કફની પહેરી હતી, ખભે ગરમ કાંબળી નાખી હતી, એક હાથમાં કમંડળ પકડયું હતું અને બીજા હાથમાં દંડ ધારણ કર્યો હતો. આ વસ્તુઓ પર તેમને જરાયે મોહ ન હતો કે મમત્વ ન હતું. પરંતુ ભીલની હાલત જોઈને તેના પર દયા આવી, એટલે તેના પર અનુગ્રહ કરવાના હેતુથી કહ્યું કે 'હે ભાઇ! તારે મારી પાસેથી જે કંઈ જોઇતું હોય તે ખુશીથી લઇ લે, પણ તને એક સવાલ પૂછું તેનો જવાબ આપ કે 'તું આ નીચ ધંધો કોને માટે કરે છે?'

પેલા ભીલે કહ્યું કે 'મારા કુટુંબ માટે. મારે માતા, પિતા, પત્ની, પુત્રો અને પુત્રીઓનું બહોળું કુટુંબ છે. તે બધાનો નિર્વાહ આ ધંધા વડે કરું છું.'

'યોગીએ કહ્યું: 'ભાઈ! તું જેમને માટે આ ઘોર પાપ કરે છે, તે તારાં આ પાપમાં ભાગીદાર થશે ખરાં?' '

ભીલે કહ્યું: 'કેમ નહિ! તે બધા માટે તો હું આ પાપ કરી રહ્યો છું.'

'સંસારમાં જે કંઈ ધન–જનાદિ પદાર્થ છે, તે સર્વને પાશરૂપ જાણીને મુમુક્ષુએ ઘણી સાવધાની પૂર્વક ડગલાં ભરવાં. જ્યાં સુધી શરીર સશક્ત છે, ત્યાં સુધી તેનો ઉપ-

---

યોગીએ કહ્યું : 'તારી આ માન્યતા ભૂલભરેલી છે. તારું કરેલું પાપ તારે એકલાનેજ ભોગવવું પડશે. જો તને મારાં વચનોમાં વિશ્વાસ ન આવતો હોય તો ઘરે જઈને બધાને પૂછી આવ કે તારાં કરેલાં પાપમાં તેઓ કેટલો ભાગ રાખશે? તું એ પ્રશ્નનો જવાબ લઈને આવીશ, ત્યાં સુધી હું અહીંજ ઊભો રહીશ.'

યોગીના શબ્દોએ ભીલનાં હૃદય ઉપર અસર કરી, એટલે તે ઘરે ગયો અને પૂછવા લાગ્યો કે 'હું જે પાપ કરું છું, તેમાં તમારો ભાગ કેટલો?' આ પ્રશ્ન સાંભળીને માતા મૌન રહી, પિતાએ ચૂપકીદી પકડી, પત્ની પણ કંઈ બોલી નહિ અને પુત્રપુત્રીઓ પણ ટગર ટગર સામું જોઈ રહ્યા. આ જોઇ ભીલને ભારે આશ્ચર્ય થયું : 'એક સીધા સાદા પ્રશ્નનો ઉત્તર કોઈ કેમ આપતું નથી?' એટલે તેણે બધાને એ પ્રશ્ન બીજી વાર પૂછયો, છતાં તેનો ઉત્તર મળ્યો નહિ. છેવટે તેણે ત્રીજી વાર પ્રશ્ન પૂછયો અને જણાવ્યું કે 'જેવો હોય તેવો ઉત્તર આપો. હું એનો જવાબ લીધા વિના રહેવાનો નથી.' ત્યારે બધાની વતી પિતાએ કહ્યું 'કે તું જે પાપ કરે છે, તે બધું તારું જ છે. અમે તો માત્ર તારાં લાવેલાં દ્રવ્યના ભોક્તા જ છીએ.'

આ જવાબ સાંભળતાં જ ભીલની આંખ ઉઘડી ગઇ. તે પોતાના ઘરથી પાછો ફરીને યોગીનાં ચરણે પડ્યો અને નિખાલસતાથી જણાવ્યું કે 'હે પ્રભો! આપનું કહેવું સાચું નીકળ્યું. મેં ખૂબ પાપ કર્યું છે. હવે મારું શું થશે?'

યોગીએ તેને આશ્વાસન આપી યોગ–સંયમના માર્ગે ચડાવ્યો અને વિવિધ જાતનાં તપો કરી તેણે પોતાના આત્માની શુદ્ધિ કરી.

યોગ વધારેમાં વધારે સંયમની સાધના થઈ શકે, તે રીતે કરવો. પછી જ્યારે તે બિલકુલ અશકત થઈ જાય ત્યારે કોઇ પણ જાતનો મોહ કે મમત્વ ભાવ રાખ્યા વિના માટીનાં ઢેફાંની જેમ તેનો ત્યાગ કરી દેવો.'

'જેમ સુશિક્ષિત અને કવચધારી ઘોડો યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરે છે, તેમ સ્વચ્છંદને રોકનારો મુમુક્ષુ જીવન-સંગ્રામમાં વિજયી થઇને મોક્ષ પ્રાપ્ત કરે છે.

'સંયમજીવનમાં મંદતા લાવનારા કામભોગો ઘણા લોભાવનારા હોય છે, પરંતુ સંયમી પુરુષ તેના તરફ પોતાનાં મનને કદી આકર્ષિત થવા ન દે. વિવેકી સાધકનું કર્તવ્ય છે કે તે ક્રોધને દબાવે, માનને દૂર કરે, માયાનું સેવન ન કરે અને લોભને છોડી દે.'

•

'જે મનુષ્ય ઉપર–ઉપરથી સંસ્કૃત જણાય છે, પણ વસ્તુતઃ તુચ્છ છે, બીજાની નિંદા કરનારો છે, રાગદ્વેષથી યુક્ત છે, ઈંદ્રિયોને પરાધીન છે, તે અધર્મનું આચરણ કરનારો છે, એમ વિચારીને વિવેકી સાધક શરીરનાશપર્યંત દુર્ગુણોથી દૂર રહે અને સદ્ગુણોની જ કામના કરે.'

૪–શું નિયમોનું બંધન ઇચ્છવા યોગ્ય નથી ?

કેટલાક મનુષ્યો એમ માને છે કે 'આપણી જાતને વૃત્તિનિયમોનાં કડક બંધનથી બાંધવી નહિ.. એ તો ચાલે તેમ ચાલવા દેવું, અન્યથા જીવન રસહીન થઈ જાય અને જીવવા જેવું રહે નહિ.' પણ આ માન્યતા ભ્રમપૂર્ણ છે. વ્રતનિયમોનું બંધન એ વાસ્તવિક બંધન નથી. પણ ઇન્દ્રિય-

બંધન અને કર્મબંધનમાંથી મુકત થવાનો અનુભૂત ઉપાય છે, એટલે તેનો સ્વીકાર સહર્ષ કરવો જોઈએ. એ બંધન કડક હોય છે એ વાત સાચી, પણ ઉપાય જેટલો કડક હોય તેટલો વધારે લાભદાયી થાય છે. કડવું ઔષધ જ્વરનો તરત નાશ કરે છે, એ કોણ જાણતું નથી ? એટલે સુજ્ઞ પુરુષે પોતાની જાતને વ્રતનિયમોનાં બંધનથી બાંધતાં જરા યે અચકાવાની જરૂર નથી.

'ચાલે તેમ ચાલવા દેવું' એ ડહાપણભરેલો વ્યવહાર નથી. એ તો એક પ્રકારની આંધળી દોટ છે અને તેનું પરિણામ પતનમાં જ આવે છે. પુત્રને ગણિત ગમતું ન હોય, ઇતિહાસ આવડતો ન હોય અને વ્યાકરણ વ્યાધિકરણ જેવું લાગતું હોય તો આપણે એમ કહીએ છીએ ખરા કે ચાલે તેમ ચાલવા દો ? જો એમ કહીને ચાલવા દઈએ તો એ પુત્ર કોઈ પણ પરીક્ષામાં ઉત્તિર્ણ થાય ખરો ? અથવા મોટી આશાથી વેપારની પેઢી ખોલી હોય અને ઉધારૂ પાસું નમવા લાગે તો આપણે એમ કહીએ છીએ ખરા કે ચાલે તેમ ચાલવા દો ? જો એમ ચાલવા દઈએ તો એ પેઢીનું પાટિયું કેટલા દિવસ ટકે ? અથવા જીર્ણજ્વર લાગુ પડયો હોય અને ખાંસીની પણ શરૂઆત થઈ હોય તો આપણે એમ કહીએ છીએ ખરા કે 'ચાલે તેમ ચાલવા દો ?' જો એમ થોડા દિવસ વધારે ચાલવા દઈએ તો શું પરિણામ આવે છે ? તાત્પર્ય કે ચાલે તેમ ચાલવા દેવાની નીતિ કોઈ પણ રીતે ડહાપણભરેલી નથી, તો પછી જે જીવન મહામોઘું છે અને જે ફરીને પ્રાપ્ત થવું

અતિ દુર્લભ છે, તેની બાબતમાં એ રીતે કેમ વર્તી શકાય? એ રીતે તો આપણાં જીવનમાં સરવાળે શૂન્ય સિવાય બીજું કંઈ દેખાવાનો સંભવ નથી. એટલે તેમાં વ્યવસ્થા–નિયમન અવશ્ય જોઈએ. પોતાનાં જીવનમાં આ રીતે વર્તનારા જ ઉચ્ચ પ્રકારની સિદ્ધિ કે સફળતાને વરી શકયા છે.

હવે બે શબ્દો રસ માટે કહીશું. અહીં રસશબ્દનો પ્રયોગ આનંદ માટે કરવામાં આવ્યો છે, પણ આનંદ બે જાતના હોય છેઃ એક ક્ષણિક અને બીજો દીર્ઘકાલીન અથવા નિત્ય. તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દનાં સેવનદ્વારા થતો આનંદ દીર્ઘકાલીન કે નિત્ય છે. એટલે વ્રતનિયમો કે જેનું ફળ સંયમનું પોષણ છે, તેનાથી જીવન રસહીન થઈ જવાની ભીતિ રાખવી એ પાણીથી દઝાવા જેવી નિરર્થક ભીતિ છે.

જૈન મહર્ષિઓ કહે છે કે 'જેમણે એક વિષયનાં સેવનની લાલસા રાખી, તેના ભૂંડા હાલ થયા તો જેઓ પાંચે વિષયનાં સેવનની આશા રાખે છે, તેના કેવા હાલ થશે? અહીં તેઓ હાથી, મત્સ્ય, ભ્રમર, પતંગ અને સર્પનાં ઉદાહરણો આપે છે, તે સમજવા યોગ્ય છે. આદર્શ ગૃહસ્થના સામાન્ય ધર્મનું વર્ણન કરતી વખતે इन्द्रियाणां जयः ના વિવેચનપ્રસંગે અમે આ ઉદાહરણો આપી ગયા છીએ.

આપણા રોજના અનુભવમાં પણ શું જોઈએ છીએ?

કામીઓના હાલ કરુણ થાય છે, ભોગીઓ અનેક રોગના ભોગ થઇ પડે છે અને છેલબટાઉની માફક જીવન ગુજારનારાઓને આખરે મુફલિસ થઈને મૃત્યુનો ભેટો કરવો પડે છે. બીજી બાજુ જે લોકો સંયમથી રહે છે, સદાચાર પાળે છે અને સદ્વર્તનનો આગ્રહ રાખે છે, તેમનું જીવન આરોગ્ય, લક્ષ્મી અને પ્રતિષ્ઠાથી યુકત હોય છે, એટલે તેઓ આનંદનો દીર્ઘકાલ સુધી ઉપભોગ કરી શકે છે અને એ રીતે જીવનનો રસ માણી શકે છે.

જેઓ સંપૂર્ણ સયંમી છે, તેઓ આ જગતમાં વધારેમાં વધારે સુખી છે, એ નિશ્ચયપૂર્વક સમજવું.

૫–સંયમ અભ્યાસથી સિદ્ધ થાય છે.

'સંયમ પાળવો ઘણો કઠિન છે. તે સિદ્ધ શી રીતે થઈ શકે?' એ પ્રશ્નોનો ઉત્તર એ છે કે 'ગમે તેવી કઠિન ક્રિયાઓ અભ્યાસથી સિદ્ધ થઈ શકે છે, તેથી મુમુક્ષુએ નાના નાના નિયમો ગ્રહણ કરીને તેના અભ્યાસની શરૂઆત કરી દેવી જોઈએ.

કેટલાકને એમ લાગતું હશે કે 'નાના નાના નિયમો ગ્રહણ કરવાથી આપણું શું કલ્યાણ થાય?'

પણ અનેક નાની વસ્તુઓ ભેગી થઈને જ મોટી વસ્તુ બને છે, તે આપણે ભૂલવાનું નથી. જે લોકો આજે કોટયાધિપતિની કોટિમાં વિરાજે છે, તેમની પાસે એ ધન એકત્ર શી રીતે થયું? શું તેમને એ ક્રોડ રૂપિયા સામટા જ મળી

ગયા ? ક્રોડ રૂપિયા સો લાખથી બને છે, લાખ રૂપિયા સો હજારથી બને છે, હજાર રૂપિયા સો દશથી બને છે અને દશ રૂપિયા એક એક કરતાં એકઠા થાય છે, એટલે મોટી વસ્તુ નાનીમાંથી જ બને છે, એ નિશ્ચિત છે.

જેણે બેંકની મુલાકત લીધી હશે, તે જાણતા જ હશે કે ત્યાં સેવિંગ ખાતું ચાલે છે. આ ખાતામાં સામટી રકમો ભરાતી નથી. રૂપિયો, બે રૂપિયા, પાંચ રૂપિયા એમ નાની નાની રકમો ભરાય છે, પણ એથી બેંકને લાખો રૂપિયા મળી જાય છે અને ખાતું ચલાવનાર પાસે થોડા વર્ષમાં બે–પાંચ હજારની મૂડી થઇ જાય છે. જો એ માણસોએ 'રૂપિયામાં શું ?' 'બે રૂપિયામાં શું' 'પાંચ રૂપિયામાં શું ?' 'એવો વિચાર કરીને તેને ખર્ચી નાખ્યા હોત તો આજે તેમની પાસે કંઇ મૂડી ન હોત અને કોઇ માંદગીનો પ્રસંગ આવ્યો હોત કે વિવાહવાજનનું ટાણું આવ્યું હોત તો તેઓ મદદ માટે જ્યાં ત્યાં ફાંફાં મારતાં હોત. એટલે નાના-માંથી મોટું થાય છે, એમાં કોઈએ શંકા રાખવી નહિ.

દરિયો જોઇ ઘણા માણસો આશ્ચર્ય અનુભવે છે કે તેમાં આટલું બધું પાણી કયાંથી આવ્યું ? પણ જાણનારાઓ જાણેછે કે સંખ્યાબંધ નદીઓ તેમાં પ્રતિક્ષણે પોતાનું જળ ઠલવી રહી છે, તેથી જ તેમાં પાણીનો આટલો મોટો જથ્થો ભેગો થયો છે. નદીઓને એ જળ એક સામટું કે એક જગાએથી મળ્યું નથી. જેણે કોઇ પણ નદીનું મૂળ કે ઉદ્‌ગમસ્થાન જોયું હશે, તે જરૂર જાણી શકયા હશે કે નદીની શરૂઆત એક નાનાં ઝરણ રૂપે હોય છે. પછી

તેમાં બીજું, ત્રીજું, ચોથું એમ અનેક ઝરણો મળે છે અને તેથી જ તેમાં પાણીનો પ્રવાહ મોટો થતો જાય છે. એટલે નાના નાના નિયમો ગ્રહણ કરવાથી મહાસંયમસિદ્ધ સુધી પહોંચી શકાય એમાં શંકા કરવા જેવું નથી.'

૬–નાના નિયમો પણ લાભ કરે છે

(કુંભારની ટાલ જોવાનો નિયમ લેનારનું દૃષ્ટાંત)

નાના નિયમો પણ પ્રસંગ આવ્યે મનુષ્યને કેવો લાભ કરે છે, તે નીચેનાં દૃષ્ટાંતથી બરાબર સમજી શકાશે :—

એક વણિકનો પુત્ર ઘણો સ્વચ્છંદી અને ઉદ્ધત હતો. તે વડીલની વાત માનતો નહિ કે ધર્મ પર શ્રદ્ધા ધરાવતો નહિ. માતપિતાએ ઘણી શિખામણ આપી કે વધારે નહિ તો એક નવકારશી જેટલો નિયમ લે, પણ તેણે એક યા બીજું બહાનું આગળ ધરી એટલો નિયમ પણ લીધો નહિ. હવે એક વાર ગામમાં કોઈ સાધુ–મહાત્મા પધાર્યા અને અમૃત-વાણીથી ધર્મનો ઉપદેશ આપવા લાગ્યા, એટલે ગામલોકો તેમનો ઉપદેશ સાંભળવા મોટી સંખ્યામાં એકત્ર થયા. તેમાં આ વણિક પણ પોતાના પુત્રને લઈને સામેલ થયો.

સાધુ–મહાત્માએ હેતુ અને દૃષ્ટાંતથી ભરેલો પોતાનો ધર્મોપદેશ પૂરો કર્યો અને બધા લોકો પોતાનાં ઠેકાણે ગયા, ત્યારે આ વણિકે મહાત્માને વિનંતિ કરી કે ' આપ તો કરુણાના ભંડાર છો, દયાના સાગર છો, એટલે મારા પર દયા લાવીને આ પુત્રને ધર્મનો કંઈક ઉપદેશ આપો, તો એ રસ્તે આવે અને કલ્યાણનો ભાગી થાય.'

મહાત્માએ એ વિનંતિનો સ્વીકાર કરીને વણિકપુત્રને ધર્મનો સુંદર ઉપદેશ આપ્યો અને કંઈ પણ નિયમ લેવાનો આગ્રહ કર્યો, ત્યારે એ સ્વચ્છંદી ઉદ્ધત વણિકપુત્રે મજાકમાં કહ્યું કે 'મારાથી બીજો કોઈ નિયમ લેવાય તેમ નથી, પણ મારાં ઘરની પાસે એક કુંભાર રહે છે, તેની ટાલ જોઈને રોજ ભોજન કરવું, એવો નિયમ લઇ શકીશ.'

કુંભાર રોજ એક જ સ્થળે બેસીને વાસણ ઉતારતો હતો અને તેનું માથું પોતાનાં ઘરમાં જરા ઊંચા થવાથી જ દેખાતું હતું, એટલે તેમાં કંઇ પણ મહેનત નહિ પડે, એમ જાણી વાણિકપુત્રે આ દરખાસ્ત કરી હતી. પરંતુ મહાત્માએ તેને વધાવી લીધી અને જણાવ્યું કે 'તારે આ નિયમ લેવાની ઇચ્છા હોય તો આ નિયમ લે, પણ તેને સારી રીતે પાળજે. એમાં કોઇ ભૂલચૂક થાય નહિ. જેઓ લીધેલો નિયમ કે લીધેલી પ્રતિજ્ઞા તોડે છે, તેમની અધોગતિ થાય છે અને તેમને અનેક જાતનાં આકરાં દુઃખો સહન કરવા પડે છે.'

'આ નિયમ હું બરાબર પાળીશ' એમ જણાવી વણિકપુત્ર પોતાના પિતાની સાથે ઘરે આવ્યો અને બીજા દિવસથી કુંભારની ટાલ જોઇને ભોજન કરવા લાગ્યો.

હવે એક વાર તે વણિકપુત્ર પોતાનાં કામકાજથી પરવારીને ભોજન કરવા ઘરે આવ્યો અને નિયમ પ્રમાણે કુંભારની ટાલ જોવા ઊંચો થયો, પણ કુંભારની ટાલ દેખાઈ

નહિ. કુંભાર ત્યાં બેઠો હોય તો એની ટાલ દેખાય ને? मूलं नास्ति कुत : शाखा?

વણિકપુત્રે માન્યું કે આજે તે બીજા કોઇ કામમાં ગુંથાયો હશે, એટલે તેનાં ઘરે ગયો અને અહીંતહીં જોયું, પણ કુંભાર દેખાયો નહિ. પછી તેણે કુંભારણને પૂછ્યું કે 'આજે પટેલ કેમ દેખાતા નથી?'

કુંભારણે કહ્યું કે 'એ તો સારી સવારના માટીખાણે ગયા છે, તે માટી લઇને હવે આવતા જ હશે. હું પણ તેમની રાહ જોઈ રહી છું.' પરંતુ વણિકપુત્રને ભોજનની વેળા થઈ ગઇ હતી અને તેને જલ્દી ભોજન કરી લેવું હતું, એટલે તે ઉતાવળો ઉતાવળો ગામબહાર ગયો અને માટીખાણના રસ્તે ચડયો.

અહીં કુંભારે કેટલીક માટી ખોદી કે સોનામહોરોથી ભરેલો એક ઘડો મળી આવ્યો હતો. જેણે જીંદગીમાં સોનામહોર નજરે ન જોઈ હોય, તેને એકાએક સેંકડો સોનામહોરો મળી જાય, ત્યારે અતિશય આનંદ થાય એ સ્વાભાવિક છે. ઘણા માણસો એકાએક ધન મળતાં કે લૉટરીનું મોટું ઈનામ લાગતાં હર્ષના આવેશમાં આવીને પાગલ બની જાય છે કે સાનભાન ભૂલી જાય છે, પણ કુંભારનું કાળજું ઠેકાણે હતું. તેણે ભાગ્યદેવીની કૃપા માનીને પેલા ઘડાને એક ખાડામાં મૂકી તેના પર થોડી માટી નાખી દીધી હતી. અને 'કદાચ અહીંથી આવા બીજા

ઘડા પણ મળી આવશે,' એ વિચારથી તેણે ફરી બાંયો ચડાવી હતી. 'जहा लाहो तहा लोहो' જેમ લાભ થાય તેમ લોભ વધે, એ કોણ જાણતું નથી?

લક્ષ્મીની લાલચમાં સપડાયેલા મનુષ્યને સમય કે પરિશ્રમનું ભાન રહેતું નથી, એટલે કેટલો સમય ગયો કે કેટલો પરિશ્રમ પડયો? તેનું કુંભારને ભાન રહ્યું ન હતું. એ તો એક સરખું ખોદકામ જ કરી રહ્યો હતો. આથી તે પરસેવે રેબઝેબ થઈ ગયો હતો અને માથા પરની પાઘડી પરસેવાથી ભીંજાઈને ખરાબ ન થઇ જાય તે માટે તેને બાજુએ મૂકી દીધી હતી. આથી વણિકપુત્ર માટી ખાણથી થોડે છેટે રહ્યો કે તેને કુંભારના માથાની ટાલનાં દર્શન થઈ ગયાં અને તે નિયમ પળાયાના આનંદમાં આવીને બોલી ઉઠયો કે 'જોઇ લીધી, જોઇ લીધી.'

આ શબ્દોએ કુંભારને ચમકાવ્યો અને તેણે ઊંચી ડોક કરીને જોયું તો વણિકપુત્ર નજરે પડયો. આથી તેનાં મનમાં વહેમ પડયો કે 'જરૂર આ વાણિયે લક્ષ્મી જોઇ લીધી, તેથી જ 'જોઈ લીધી! જોઈ લીધી!' એમ બોલ્યો છે. જો તે રાજાને કે રાજ્યાધિકારીઓને ખબર આપી દેશે તો ધર્યું સોનું ધૂળ મળશે અને મારે કોર્ટ કચેરીના આંટા-ફેરા ખાવા પડશે, એ ફોગટમાં. તેથી લાવ તેને મનાવી લઉં.' આથી તેણે ઘાંટો પાડીને કહ્યું કે 'શેઠ! તમે જોઇ લીધી તે સારું કર્યું, પણ પાસે આવો. આમાં મારો અને તમારો અરધો અરધ ભાગ છે.'

વણિકજાતિ સ્વભાવથી જ ચતુર હોય છે અને આ તો ભારે નટખટ હતો, એટલે કુંભારની વાત તેના સમજવામાં તરત આવી ગઈ. આથી તે માટીખાણની તદ્દન નજીક ગયો અને કહેવા લાગ્યો કે 'આખું કહોળું ખવાતું નથી. માટે આમાંથી કેટલોક ભાગ આપણે રાજ્યાધિકારીને આપવો પડશે અને તો જ લક્ષ્મી આપણાં ઘરમાં રહેશે.' એટલે કુંભારે સર્વ કંઇ તેની સલાહ પ્રમાણે કર્યું અને બંને માલદાર થયા.

આ વખતે વણિકપુત્રને વિચાર આવ્યો કે 'મેં હાંસી–મજાકમાં એક નાનકડો નિયમ લીધો હતો, તેનું પરિણામ આવું સુંદર આવ્યું તો સમજણપૂર્વક સારા નિયમો લેવાથી તેનું પરિણામ કેવું સુંદર આવે ? માટે પેલા મહાત્મા ફરી ગામમાં આવે તો તેમની આગળ જઈને બીજા નિયમો લેવા.'

બનવા કાળ તે પેલા મહાત્મા તે ગામમાં આવ્યા, એટલે વણિકપુત્રે તેમને વંદના કરીને બનેલી બધી હકીકત કહી સંભળાવી અને પોતાને કેટલાક સારા નિયમો આપવાની માગણી કરી. ત્યારે મહાત્માએ કહ્યું કે 'સહુથી સારા નિયમો તો પાંચ મહાવ્રતો જ છે કે જેનું નિરતિચાર પાલન કરવાથી મનુષ્ય અક્ષય અનંત સુખની પ્રાપ્તિ કરી શકે છે.' આથી તે વણિકપુત્રે પાંચ મહાવ્રતો ધારણ કર્યાં, અર્થાત્ સાધુજીવનની સાધના સ્વીકારી અને તેનાં નિરતિચાર પાલન વડે મૃત્યુ બાદ બારમા દેવ-

લોકમાં મહર્ષિક દેવ તરીકે સ્થાન મેળવ્યું. તાત્પર્ય કે નાના દેખાતા નિયમો પણ સમય આવ્યે મનુષ્યને લાભ કરે છે.

૭–સારા નિયમો સમજ્યા વિના લેવાય તો પણ લાભકર્તા છે. (વંકચૂલની વાર્તા)

કેટલાક મનુષ્યો એમ કહે છે કે 'અમારાં દિલમાં ભાવના પ્રકટે તો નિયમ લઈએ, પણ કોઇના કહેવાથી કે શરમાશરમીથી નિયમ લઈએ તેમાં લાભ શું ?' પરંતુ અનુભવ એમ બતાવે છે કે સારા નિમમો સમજ્યા વિના લેવાય તો પણ લાભકર્તા છે. વંકચૂલની વાર્તા આ વિષયમાં વધારે પ્રકાશ પાડશે.

મૂળ ક્ષત્રિયનો પુત્ર, લાડકોડમાં ઉછરેલો, પુષ્પચૂલ નામ, પણ પોતાની વાંકી ચાલથી સહુને છેતરતો, એટલે વંકચૂલ નામથી પ્રસિદ્ધ થયો.

તેને જુગારનો છંદ હતો અને પૈસા ખૂટતાં ચોરી પણ કરતો, એટલે લોકોની નજરે ખૂબ ચડે તેમાં નવાઈ નથી.

તેની વિરુદ્ધ ઘણી ફરિયાદો થઈ, એટલે રાજાએ જાકારો આપ્યો અને તે પોતાની પત્ની તથા બહેનને લઈ ચાલી નીકળ્યો. આવાને આશ્રય પણ કોણ આપે ? છેવટે તે એક ચોરપલ્લીમાં ગયો અને પલ્લિપતિની સેવા કરવા લાગ્યો. ત્યાં સાહસ, દૃઢતા, ક્રૂરતા વગેરે ગુણોથી પ્રસન્ન થયેલા પલ્લિપતિએ તેને ઉત્તરાધિકારી નીમ્યો અને કાલ-

ક્રમે તે પલ્લિપતિ થયો. પછી ઘણા ચોરોને એકઠા કરી, તે મોટી મોટી ધાડો પાડવા લાગ્યો અને એ રીતે પોતાનો કાલ નિર્ગમન કરવા લાગ્યો.

એક વાર જ્ઞાનતુંગ નામના એક આચાર્ય પોતાના શિષ્ય સાથે તેની પલ્લીમાં આવી પહોંચ્યા. તે વખતે આકાશ ઘનઘોર વાદળથી છવાયેલું હતું અને ઝરમર ઝરમર વરસાદ વરસવો શરુ થઇ ગયો હતો, એટલે વંકચૂલે તેમને ઉતરવાનું સ્થાન આપ્યું, પણ સાથે જ એક વિનંતિ કરી કે 'તમારે મારી હદમાં કોઇને ધર્મનો ઉપદેશ આપવો નહિ.' આચાર્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સારી રીતે જાણકાર હતા, એટલે તેમણે એ વિનંતિનો સ્વીકાર કર્યો.

સાધુજીવનોચિત સ્વાધ્યાય, ધ્યાન અને તપશ્ચર્યામાં ચાતુર્માસ વ્યતીત કર્યા પછી આચાર્યે વંકચૂલને કહ્યું કે 'હે મહાનુભાવ ! હવે અમે અન્યત્ર વિહાર કરીશું.' એટલે વંકચૂલ પોતાના પરિવાર સાથે તેમને વળાવવા સાથે ચાલ્યો. એમ કરતાં તે કેટલેક દૂર ગયો, ત્યારે આચાર્યે પૂછ્યું કે 'આ હદ કોની છે ?' વંકચૂલે કહ્યું કે 'મારી હદ તો પૂરી થઇ, આ હદ બીજાની છે.' એટલે આચાર્યે કહ્યું કે 'અમે આખું ચાતુર્માસ તારાં સ્થાનમાં રહ્યા પણ તારી વિનંતિ મુજબ કોઇને ધર્મનો ઉપદેશ આપ્યો નથી, પરંતુ વિદાય થતી વખતે તને એટલું કહીએ છીએ કે તું કોઇ પણ પ્રકારનો નિયમ લે, એથી તને ઘણો લાભ થશે. કહ્યું છે કે–

नियमाऽखिललक्ष्मीणां, नियन्त्रणमशृङ्खलम् ।
दुरित-प्रेत-भूतानां, रक्षामन्त्रो निरक्षरः ॥

'નિયમ સમસ્ત લક્ષ્મીનું વગર સાંકળે બંધન છે અને પાપરૂપી ભૂતપ્રેતોથી બચવાનો અક્ષર વિનાનો મંત્ર છે.' તાત્પર્ય કે નિયમ લઇને પાળનારને દરેક પ્રકારનું સુખ મળે છે અને પાપનાં આક્રમણથી તે બચી શકે છે.'

આ સાંભળી વંકચૂલે કહ્યું 'કે એમ જ હોય તો કંઈક નિયમ આપો.' એટલે આચાર્યે ખૂબ વિચાર પૂર્વક ચાર નિયમો આપ્યા: (૧) અજાણ્યું ફળ ખાવું નહિ. (૨) કોઇ પર શસ્ત્રનો પ્રહાર કરવો હોય તો સાત ડગલાં પાછું હઠવું. (૩) રાજરાણીનો સંગ કરવો નહિ અને (૪) કાગડાનું માંસ વાપરવું નહિ.

વંકચૂલને લાગ્યું કે 'આ નિયમો સાવ સહેલા છે, એટલે તેમાં ખાસ કરવાપણું કંઈ નથી.' તેથી રાજી થતો તે પોતાનાં સ્થાનકે પાછો આવ્યો.

હવે એક વાર તે કોઈ ગામ પર ધાડ પાડીને પોતાના સાથી-સોબતીઓ સાથે પાછો ફરતો હતો, ત્યારે અટવીમાં માર્ગ ભૂલ્યો અને ત્રણ દિવસના કડાકા થયા. એવામાં તેના સાથીઓએ એક મનોહર વૃક્ષ જોયું, એટલે બોલી ઉઠયા કે ચાલો આપણે આ વૃક્ષનાં ફળો તોડી લઈએ અને તેનાથી આપણી ઉદરતૃપ્તિ કરીએ.'

વંકચૂલે પૂછયું કે 'આ ફળનું નામ શું? ત્યારે

સાથીઓએ કહ્યું કે 'એ તો અમને ખબર નથી.' એટલે વંકચૂલે પોતાનો નિયમ યાદ કરીને કહ્યું કે 'આ ફળો અજાણ્યા હોવાથી હું ખાઈશ નહિ.'

બીજા ચોરોએ આ ફળો તોડીને ખાધાં અને થોડી જ વારમાં મરણ પામ્યાં, કારણ કે એ કિંપાક નામનાં વિષફળ હતાં. આ જોઈને વંકચૂલને વિચાર આવ્યો કે 'જો મારે અજાણ્યાં ફળો ન ખાવાનો નિયમ ન હોત તો મારી પણ આજ વલે થાત, એટલે ગુરુએ નિયમ આપ્યો તે સારું કર્યું.' પછી તે કોઈ પણ રીતે પોતાની પલ્લીમાં પહોંચ્યો અને પૂર્વવત્ કાલ નિર્ગમન કરવા લાગ્યો.

એક વાર તે કામપ્રસંગે બહારગામ ગયો હતો, ત્યારે કેટલાક ભવઇયા (તૂરગાળા) તેની પલ્લીમાં આવ્યા અને તેનાં મકાનની આગળ ખેલ કરવાની તૈયારી કરવા લાગ્યા. પછી એ ભવઈયા ખેલ કરતાં પહેલાં રાજા કે પટેલ ને આમંત્રવા જોઈએ, એ ન્યાયે બોલાવવા અંદર ગયા. ત્યારે બહેને જાણ્યું કે આ તો આપણા વૈરી રાજાના ભવઈયા છે. જો તેઓ વંકચૂલ પલ્લીમાં નથી, એમ જાણશે તો જરૂર તેના રાજાને ખબર આપી દેશે. ભાંડ ભવઈયાઓનો ભરોસો શું ? અને વૈરી રાજાને આ ખબર પડશે, એટલે તે બનતી ઝડપે ચડી આવીને આ પલ્લીનો નાશ કરશે, માટે આ લોકોને વંકચૂલની ગેર હાજરીની ખબર પડવા દેવી નહિ. એટલે તેણે માણસ દ્વારા કહેવડાવ્યું કે 'તે (વંકચૂલ) હમણાં જ ખેલ જોવા બહાર આવે છે.' પછી

તેણે આબેહૂબ વંકચૂલનો પોશાક ધારણ કર્યો અને બહાર આવીને ખેલોનું નિરીક્ષણ કરવા માંડયું.

ખેલ મોડી રાતે પૂરો થયો, એટલે યથેચ્છ ધન આપીને ભવઈયાઓને વિદાય કર્યા અને પોતે મકાનની અંદર આવી. એ વખતે તેની આંખો ઊંઘથી ખૂબ ઘેરાતી હતી, એટલે પેલો પોશાક કાઢયા વિના જ તે પોતાની ભોજાઇ સાથે સૂઈ રહી.

હવે બનવા કાળ એટલે તે જ રાતે વંકચૂલ બહાર ગામથી પાછો ફર્યો અને પોતાનાં મકાનમાં દાખલ થયો. ત્યાં પોતાની પત્નીને એક પુરુષ સાથે સૂતેલી જોઇને તે અત્યંત ક્રોધાયમાન થયો અને બંનેને ઠાર મારવાના ઈરાદાથી તેણે પોતાની કમ્મરે લટકી રહેલી તરવાર મ્યાનમાંથી બહાર ખેંચી. પણ તે વખતે લીધેલો નિયમ યાદ આવ્યો કે 'કોઇ પર શસ્ત્રનો પ્રહાર કરવો હોય તો સાત ડગલાં પાછું હઠવું,' એટલે તે એક, બે, ત્રણ, એમ સાત ડગલાં પાછું હઠયો. ત્યાં તેના હાથમાં રહેલી તરવાર ભીંત સાથે અથડાઈને જોરથી અવાજ થયો. એ અવાજને લીધે બહેન જાગી ઉઠી ને 'ખમ્મા મારા વીરને.' એમ બોલતી બાજુએ ઊભી રહી. આ વખતે ભોજાઇની નિંદ પણ ઉડી જ ગઇ હતી, એટલે તે ઉઠીને બીજી બાજુ ઊભી રહી.

વંકચૂલને સમજાયું નહિ કે 'આ બધું શું છે?' એટલે તેણે હકીકત પૂછી અને બહેને બધી હકીકત કહી સંભળાવી. એ હકીકત સાંભળતાં જ વંકચૂલને સમજાઇ

ગયું કે ગુરુએ આપેલા નિયમે પોતાને મહા અનર્થમાંથી બચાવ્યો છે. અન્યથા પત્ની તથા બહેન બંનેનું ખૂન થાત અને કદાચ પોતે પણ પાછળથી એના શોકમાં આપઘાત કરી બેસત. અહો ગુરુનું જ્ઞાન ! અહો ગુરુની કૃપા ! તેમણે આપેલા નિયમો ઘણા જ સારા છે, ઘણા જ સુંદર છે અને બરાબર સાવધાનીથી પાળવા જેવા છે !' એમ વિચારી તે દિવસથી તેણે પોતાના નિયમમાં વધારે સાવધાની રાખવા માંડી.

હવે આગળ શું બન્યું ? તે પણ જોઈએ. એક વાર મોટી માલમત્તા મેળવવાના ઈરાદાથી વંકચૂલે રાજમહેલની ભીંત ફાડી અને તેની અંદર આવેલા અંતઃપુરમાં પ્રવેશ મેળવ્યો. ત્યાં ઘણી સાવચેતી રાખવા છતાં તેનો હાથ ભર ઊંઘમાં સૂતેલી રાણીને અડકી ગયો, એટલે તે જાગી ઉઠી ને ચારે બાજુ જોવા લાગી. ત્યાં થોડે દૂર હિંમત ભેર ઊભા રહેલા વંકચૂલને જોયો.

પ્રસંગવશાત્ રાજા આજે બીજા ખંડમાં સૂઈ રહ્યો હતો, એટલે તે એકલી જ હતી. દાસીઓ પણ બહારની પરસાળમાં અહીં તહીં સૂતેલી હતી.

એકાંત એ પાપનો બાપ ગણાય છે, અર્થાત્ એકાંત મળે અને પાપસામગ્રી મોજૂદ હોય તો મનુષ્યનું મન પાપ કરવા તરફ તરત ઢળી જાય છે. આ પ્રમાણે એકાંત અને પ્રૌઢ પુરુષોનો યોગ મળતાં રાણીને વંકચૂલની સાથે ભોગ ભોગવવાની ઇચ્છા થઈ, એટલે તેણે ઈશારાથી વંકચૂલને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે 'તું અહીં શા

માટે આવ્યો છે? તને પુષ્કળ ધનદોલતની ઈચ્છા અહીં ખેંચી લાવી હોય તો તારી એ ઇચ્છા હું પૂર્ણ કરીશ, પણ તારે મારી એક વાત કબૂલ કરવી પડશે.'

એક તો રાજરાણી અને યૌવનમસ્ત એટલે તેની સુંદરતાનું પૂછવું જ શું? તેનો કાળો ભમ્મર કેશકલાપ કોઈ પણ કીકીનું કામણ કરે તેવો કમનીય હતો. તેનું ચંદ્ર જેવું ગોળ મનોહર મુખડું કોઈ પણ ચક્ષુને ચકિત કરે એવું ચારુ હતું. વિશાળ નેત્રો, નમણી નાસિકા, કોમળ કપોલપ્રદેશ, કમનીય કંઠ, ઉન્નત વક્ષઃસ્થલ, પાતળું પેટ, પુષ્ટ નિતંબો અને કદલીસ્થંભ સમા કોમળ સાથળો કોઈ પણ આંખનું આકર્ષણ કરવાને પૂરતા હતા. વળી તેનાં અંગોપાંગ સુંદર વસ્ત્રાભૂષણથી સુસજ્જ હતા અને સ્વરમાં કોયલનો મધુર ટહૂકાર હતો, એટલે કોઈ પણ મનુષ્યનું મન શીઘ્ર મોહિત થાય તેમ હતું. પરંતુ વંકચૂલ પોતાના નિયમમાં સાવધ હતો, એટલે તેને ઉક્ત વચનોની કોઇ અસર થઈ નહિ. ઉત્તરમાં તેણે એટલુંજ કહ્યું કે, તું રાજરાણી હોઈ મારી માતા સમાન છે.'

આ વખતે બાજુના ખંડમાં સૂઇ રહેલો રાજા જાગી ગયો હતો અને ભીંતનાં આંતરે ઊભો રહીને સર્વ બનાવ જોઇ રહ્યો હતો.

રાણીએ ફરી કંઇક સત્તાવાહી અવાજે કહ્યું: 'તું મારી વાત કબૂલ નહિ કરે?' વંકચૂલે કહ્યું કે 'હું નિયમથી બંધાયેલો છું, એટલે આપની વાતનો સ્વીકાર થવો અશક્ય છે.'

રાણીને લાગ્યું કે આ તો સાપ બાંડો થયો, એટલે તેણે જોરથી બૂમ મારીને કહ્યું કે 'દોડો, દોડો, મારા વાસમાં ચોર પેઠો છે અને તે મને સતાવી રહ્યો છે.'

આ બૂમ સાંભળતાં જ દાસ–દાસી અને સેવક–સિપાઈ દોડી આવ્યા અને તેમણે વંકચૂલને પકડી લીધો. પછી સવાર પડતાં રાજા સમક્ષ રજૂ કર્યો ને આકરી શિક્ષા ફરમાવવા અરજ કરી. રાજા તો શું બન્યું છે, તે બધું જાણતો જ હતો, એટલે તેણે વંકચૂલનો ગુનો માફ કર્યો અને તેના નિયમની પ્રશંસા કરી સામંતપદ અર્પણ કર્યું.

જ્યાં મૃત્યુદંડ માથે તોળાઇ રહ્યો હતો, ત્યાં આ રીતે સન્માનભર્યું સામંતપદ અર્પણ થાય એ જેવું તેવું આશ્ચર્ય ન કહેવાય! પણ વંકચૂલ સમજી ગયો હતો કે આ બધો પ્રભાવ ગુરુમહારાજે આપેલા નિયમનો છે, એટલે તેણે મનથી ગુરુને વંદન કર્યું અને તેમણે આપેલા નિયમની પુનઃપુનઃ પ્રશંસા કરી. તે દિવસથી વંકચૂલે ચોરી કરવાનો ધંધો સદંતર છોડી દીધો અને શહેરમાં રહી નીતિમય જીવન ગુજારવા માંડ્યું. તે હવે પોતાના નિયમોમાં પહેલા કરતાં પણ વિશેષ સાવધ બન્યો.

એક વાર વંકચૂલને પેટનો દુખાવો ઉપડ્યો. તે કેમે કરી મટ્યો નહિ. ઘણા વૈદો આવ્યા, ઘણા હકીમો આવ્યા, પણ કોઈ તેનું દર્દ કાબૂમાં લઈ શક્યું નહિ. એ દુખાવા-માંથી તેને બીજાં પણ અનેક દર્દો લાગુ પડ્યાં અને સ્થિતિ ગંભીર બની, એટલે રાજાએ તેના પ્રત્યેના પ્રેમથી

આકર્ષાઈને નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે 'જે કોઈ વૈદ, હકીમ, મંત્રવાદી કે જડીબુટ્ટીને જાણનાર મારા સામંત વંકચૂલનું દર્દ મટાડશે તેને મોંમાગ્યું ધન આપીશ.' એટલે એક વૃદ્ધ વૈદ્ય આગળ આવ્યો ને તેણે વંકચૂલના રોગનું પાકું નિદાન કરીને જણાવ્યું કે 'જો આ દર્દીને કાગડાનું માંસ ખવડાવવામાં આવશે તો બચી શકશે, અન્યથા જીવવાની કોઈ આશા નથી.'

આ સાંભળી આજુબાજુના માણસો બોલી ઉઠયા કે 'એમાં શું મોટી વાત છે? હમણાં જ કાગડાનું માંસ હાજર કરીએ.' ત્યારે વંકચૂલે કહ્યું કે 'મારો દેહ કાલે પડતો હોય તો ભલે આજે પડે, પણ મારો નિયમ તોડીશ નહિ. કાગડાનું માંસ મેં વર્જ્ય કર્યું છે.' સગાંસ્નેહીઓએ તથા મિત્ર વગેરેએ તેને ખૂબ સમજાવ્યો કે 'પ્રાણકષ્ટ હોય ત્યાં નિયમ સામું જોવાય નહિ,' પણ તે એકનો બે થયો નહિ. નિયમમાં કેટલી મક્કમતા! કેટલું દૃઢપણું!

આજે તો મૃત્યુની છાયા પડી કે 'ગમે તે કરો પણ મારો જીવ બચાવો!' એવા શબ્દો સર્વત્ર સંભળાય છે અને છેલ્લી ઘડી સુધી ઇંજેકશનો તથા અભક્ષ્ય દવાઓનો મારો ચાલુ રાખવામાં આવે છે! જાણે કે એ ઈંજેકશનો અને દવાઓજ નવું જીવન આપવાના ન હોય! પણ દર્દીઓ એ વિચાર કરતા નથી કે જો આ ઇંજેકશનો અને દવાઓમાં નવું જીવન આપવાની તાકાત હોત તો ખુદ ડૉકટરોના માતાપિતા કે પત્નીપુત્રો શા માટે મરણ

પામત ? અને પોતે પણ મૃત્યુને આધીન શા માટે થાત ? પણ મોહ એક એવી વસ્તુ છે કે જે ડાહ્યામાં ડાહ્યા ગણાતા મનુષ્યોનું પણ ભાન ભૂલાવે છે અને તેમની આગળ બાલચેષ્ટાઓ કરાવે છે.

રાજાએ વંકચૂલની સ્થિતિ ખૂબ ગંભીર જોઇને જિનદાસ નામના એક શ્રાવકને તેની સારવારમાં રોકયો અને તેને બને તેટલી શાંતિ પમાડવાની સૂચના કરી. આથી તે શ્રાવકે વંકચૂલના નિયમોની પ્રશંસા કરીને કહ્યું કે 'હે મિત્ર ! આ જીવ એકલો જ આવે છે ને એકલો જ જાય છે. આ સર્વ સંબંધો દેખાય છે, તે ઝાંઝવાનાં નીર જેવા મિથ્યા છે. માટે તું દેહ, દારા, પુત્ર, પરિવાર તથા ધન–વૈભવ પર કોઇ જાતનો મોહ રાખીશ નહિ. સાચું શરણ અરિહંતદેવનું છે, સિદ્ધ પરમાત્માઓનું છે, સાધુમહાત્માનું છે અને સર્વજ્ઞપ્રણિત જૈન ધર્મનું છે, માટે તું ચાર શરણ અંગીકાર કર.' એટલે વંકચૂલે દેહાદિ સર્વ વસ્તુઓ પરનો મોહ છોડી દીધો અને ચાર શરણ અંગીકાર કર્યાં. પછી જિનદાસે તેને કલ્યાણકલ્પતરુના અવન્ધ્ય બીજ જેવો તથા પાપભુજંગોને દૂર કરવા માટે ગરુડ પક્ષી જેવો નમસ્કાર મહામંત્ર સંભળાવવા માંડયો. તેનું શ્રવણ–મનન કરતો વંકચૂલ શાંતિ–સમાધિથી મૃત્યુ પામ્યો, એટલે તે ઊંચી દેવગતિ પામ્યો.

આથી સિદ્ધ થાય છે કે કોઇવાર નિયમો અંતરના ઉલ્લાસ વિના લેવાયા હોય પણ તેનું યથાર્થ પાલન કર-

વામાં આવે તો કાલક્રમે તેમાં ભાવ દાખલ થાય છે અને તેનું દ્રવ્યસ્વરૂપ ભાવસ્વરૂપમાં પરિણમે છે, એટલે કોઈના કહેવાથી કે શરમાશરમીથી નિયમ ન લેવા એમ કહેવું ઉચિત નથી. ગોળ અંધારે ખવાય તો પણ ગળ્યો લાગે છે, તેમ સારા નિયમો સમજ્યા વિના લેવાય તો પણ ફાયદો જ કરે છે.

'નિયમો શા માટે યોજાયેલા છે?' અથવા 'નિયમો શા માટે ગ્રહણ કરવા જોઈએ?' તેનું રહસ્ય સમજાવવા માટે આટલું વિવેચન પૂરતું છે. હવે આપણે નિયમપાલન અંગે કેટલીક વિચારણા કરીએ.

૮–લીધેલા નિયમો અવશ્ય પાળવા જોઈએ.

જૈન મહર્ષિઓ કહે છે કે નાનો અથવા મોટો જે કોઈ નિયમ લેવામાં આવ્યો હોય તેનું યથાર્થ પાલન કરવાથી મનની મક્કમતા કેળવાય છે, ત્યાગની તાલીમ મળે છે, ચારિત્રગુણની ધારણા થાય છે, આસ્રવનો નિરોધ થાય છે, ઉપશમ ગુણની પ્રાપ્તિ થાય છે, માટે લીધેલા નિયમો કોઈ પણ ભોગે અવશ્ય પાળવા જોઈએ.

મનની મક્કમતા કેળવવા માટે એટલે ઈચ્છાશક્તિ કે સંકલ્પશક્તિ (will power) વધારવા માટે કેટલાક માણસો ત્રાટક કરે છે અને બીજી પણ નાની મોટી અનેક ક્રિયાઓનો આશ્રય લે છે, તેમને અમારે એટલું જ સૂચવવાનું છે કે આ બધાં સાધનો કરતાં નિયમનું સાધન ઘણું ઉચ્ચ કોટિનું છે, એટલે તેનો આશ્રય લઈને જુઓ કે

તમારી સંકલ્પશક્તિ કેટલી વધી જાય છે! મન ગમતી એક વસ્તુ સામે પડી હોય છતાં તેનો ઉપયોગ કરવાની વૃત્તિ મનમાં ઉઠવા દેવી નહિ, એ જ સાચું સંકલ્પબળ છે.

આપણું મન મર્કટથી પણ વધારે ચંચળ છે અને ધ્વજાની પૂંછડી કરતાં પણ વધારે અસ્થિર છે. તેની ચંચળતા કે અસ્થિરતા મટાડવાનો સિદ્ધ ઉપાય એ છે કે તેને નિયમો વડે બાંધવું. પાણી ફેલાઈ જવાના સ્વભાવવાળું છે, પણ તેને ઘડાથી બાંધવામાં આવે છે તો એક જગાએ સ્થિર રહે છે, તેમ મન પણ ફેલાઈ જવાના સ્વભાવવાળું છે, તે નિયમથી બાંધ્યું સ્થિર રહે છે.

જે મનુષ્ય પોતાના નિયમમાં મક્કમ છે, તેનો ભરોસો થઈ શકે છે, તેના પર વિશ્વાસ મૂકી શકાય છે, તેના આધારે કોઈ સાહસ ખેડવું હોય તો તે પણ ખેડી શકાય છે, જ્યારે આજ નિયમ લઈને કાલ તોડનારાઓનો કોઈ પણ ભરોસો થઈ શકતો નથી, તેના પર જરાયે વિશ્વાસ મૂકી શકાતો નથી, ત્યાં તેના આ માટે સાહસ ખેડવાની વાત તો રહી જ ક્યાં?

જેનાં જીવનમાં કોઈ પણ નિયમનું પાલન નથી, તેનું જીવન હરાયા ઢોર જેવું જ ગણી શકાય કે જે અહીંતહીં અનેક જગાએ રખડવા છતાં ઈષ્ટ તૃપ્તિ અનુભવી શકતું નથી. નિયમથી તૃષ્ણાનો છેદ થાય છે, એટલે જેનાં જીવનમાં નિયમો વણાયા છે, તેનું જીવન સંતોષી હોય છે અને સંતોષી સદા સુખી હોય તેમાં કોઈ આશ્ચર્ય નથી.

આજે સામાન્ય મનુષ્યને સુખ નથી, લખપતિને પણ સુખ નથી અને કોડાધિપતિને પણ સુખ નથી, તેનું ખરું કારણ એ છે કે ધનની તૃષ્ણા વધી ગઈ છે અને તે કોઈ રીતે બૂઝાતી નથી. આ તૃષ્ણાનો છેદ કરવો હોય તો મહર્ષિઓએ બતાવેલા વિવિધ નિયમોનાં પાલન વડે જ થઈ શકે એમ છે, એટલે આજનાં જીવનમાં સુખ અને શાંતિનું પ્રમાણ વધારવું હોય તો નિયમોની મહત્તા સમજી તેનો સ્વીકાર કરવો જોઈએ અને તેનાં પાલનમાં પોતાની શકિત ફોરવવી જોઇએ.

શ્રી તુલસીદાસે રામચરિતમાનસમાં કહ્યું છે કે 'प्रान जाय अरु वचन न जाइ, यह रीति रघुकुल सदा चली आइ। પ્રાણ જાય પણ કોઇને આપેલું વચન ન જાય અર્થાત્ પોતાની ટેક કે પ્રતિજ્ઞા ન તોડવી એ રીતિ રઘુકુલમાં સદાકાલ ચાલતી આવેલી છે.' અમે તેમાં એટલો ઉમેરો કરવા માગીએ છીએ કે માત્ર રઘુકુલમાં જ નહિ પણ ભારતના તમામ આર્ય કુટુંબોમાં આ રીતિ ચાલતી આવતી હતી અને તેથી જ ટેક, પ્રતિજ્ઞા કે નિયમનાં પાલન માટે આર્ય કુટુંબમાં ભારે કુરબાનીઓ થતી હતી.

'અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે લોલ!
ભલે કાયાના કટકા થાય!'

આ વચનો છેલ્લી રાષ્ટ્રીય લડત વખતે ફરી ફરીને ઉચ્ચારવામાં આવ્યાં હતાં, તેનું કારણ એ જ હતું કે લોકો પ્રતિજ્ઞાપાલનનું મહત્ત્વ સમજે અને તેમાં મક્કમ

રહે તો જ લડતમાં સફળતા મળે તેમ હતી અને પરદેશીઓનો પગદંડો આ દેશમાંથી દૂર થાય તેમ હતો. એટલે પ્રતિજ્ઞા અથવા નિયમ લઈને તેને બરાબર પાળવા એ જ સિદ્ધિ, સફળતા કે વિજયનું રહસ્ય છે અને તેથી જ મહર્ષિઓએ આપણને વ્રતનિયમોમાં અચળ રહેવાનો ઉપદેશ આપ્યો છે.

પ્રતિજ્ઞા કે નિયમનાં પાલનમાં અનેક પ્રકારની અડચણો આવે છે એ વાત સાચી, પણ અપૂર્વ ધૈર્ય દાખવી તેનો સામનો કરવો જોઈએ અને તેમાંથી પાર ઉતરવું જોઈએ, તો જ આપણી માનવતા શોભે અને તો જ આધ્યાત્મિક પ્રગતિનાં વાસ્તવિક મંડાણ થાય. આ વિષયમાં સુદર્શન શેઠની કથા આપણને ઘણી પ્રેરણા આપે તેવી છે.

૯—સુદર્શન શેઠની કથા

ચંપાનગરીમાં ઋષભદત્ત નામે એક શેઠ હતો. તેને અર્હદ્દાસી નામની ગુણિયલ પત્ની હતી. આ પત્નીએ મોટી ઉમરે એક પુત્રને જન્મ આપ્યો. તે રૂપે રંગે ખૂબ દેખાવડો હતો, એટલે તેનું નામ સુદર્શન પાડ્યું.

માતાપિતાની શીળી છાયામાં ઉછરતો સુદર્શન મોટો થયો, એટલે અનેક પ્રકારની વિદ્યા—કલા શીખ્યો અને વ્યવહારમાં પણ પારંગત થયો.

માતાપિતા ધર્મશ્રદ્ધાળુ અને સંસ્કારી હતા, એટલે ધર્મસંસ્કારો તેને વારસામાં મળ્યા હતા અને સદ્‌ગુરુના

યોગથી તેમાં અનેરો ઓપ ચઢયો હતો. તેણે ગુરુમુખેથી સાંભળ્યું હતું કે:—

'જે પોતાની સ્ત્રીથી જ સંતુષ્ટ છે અને વિષયોમાં વિરક્ત છે, તે ગૃહસ્થ હોવા છતાં પોતાનાં શીલથી સાધુના સરખો ગણાય છે.

'કાગડાની વિચિત્રતા જુઓ! તળાવ સંપૂર્ણ ભરેલું હોય તે છતાં તેને ઘડામાં રહેલું જળ પીવું ગમે છે! તે જ રીતે નીચ મનુષ્યો પોતાની સ્ત્રી સ્વાધીન હોવા છતાં પરદારામાં લંપટ થાય છે.

'જે પુરુષો પરસ્ત્રીનું સૌંદર્ય જોઈને વરસાદની જલધારાથી હણાયેલા બળદની જેમ પૃથ્વી ભણી નીચું જુએ છે, તે ખરેખર વંદનીય છે.'

તેથી તેણે પોતાનાં જીવનમાં પોતાની પરિણીત સ્ત્રી સિવાય મોટી એટલી માતા અને નાની એટલી બહેન ગણીને તેનો ત્યાગ કરવાનો નિયમ ગ્રહણ કર્યો હતો.

સમય જતાં મનોરમા નામની એક સુંદર કન્યા સાથે તેનાં લગ્ન થયાં. સરખે સરખી જોડ હતી. વળી બંને પવિત્ર હતા, એટલે તેમની વચ્ચે સ્નેહની અભેદ્ય ગાંઠ બંધાઈ. જાણે સારસ–સારસીનું જોડલું, જાણે ચંદ્ર અને કુમુદ, જાણે જળ અને માછલી.

માતાપિતા તેનું આ સુખી જીવન જોઈ કાલધર્મ પામ્યા અને વ્યવહાર–વ્યાપારનો સર્વ ભાર સુદર્શનનાં માથે આવ્યો. મધુર વાણી, પ્રામાણિકતા અને સાહસવૃત્તિને લીધે

સુદર્શને વ્યાપારમાં થોડા જ સમયમાં સારી પ્રગતિ કરી અને નગરના વ્યાપારીઓમાં અગ્રસ્થાન મેળવ્યું. વળી તે પોતાની વ્યવહારકુશળતાથી રાજદરબારમાં પણ સારું માન પામવા લાગ્યો.

એ જ નગરમાં કપિલ નામે રાજાનો માનીતો પુરોહિત હતો. તે સ્વભાવે બહુ ભલો અને વિદ્વાન હતો. તેને કપિલા નામે સ્ત્રી હતી.

એક વખત કંઈક કામ પડતાં સુદર્શન અને કપિલ વચ્ચે દોસ્તી થઈ અને તે શુક્લ પક્ષના ચંદ્રની જેમ વધતી ચાલી. આથી તેઓ ઘણો વખત સાથે રહેવા લાગ્યા અને 'काव्यसाहित्यविनोदेन कालो गच्छति धीमताम्' એ ઉક્તિને સાર્થક કરવા લાગ્યા.

એક વખત કપિલની સ્ત્રીએ પૂછયું કે 'હે સ્વામિન્! પહેલાં તો તમે રોજ વહેલા ઘરે આવતા અને હાલ મોડું કેમ થાય છે?' કપિલે કહ્યું કે 'શું કરું? એક એવો મિત્ર મળી ગયો છે કે તેનાથી છૂટા પડવાનું દિલ થતું નથી. તે રૂપમાં કામદેવ જેવો છે અને વાતો કરે છે, ત્યારે મુખમાંથી ફૂલ ઝરે છે! એ જ હમણાં મોડા આવવાનું કારણ છે.'

કપિલાએ પૂછ્યું: 'એમનું નામ?'

કપિલે કહ્યું:' સુદર્શન. એ વ્યાપારીઓમાં આગેવાન છે અને રાજનો પણ માનીતો છે.'

સુદર્શનનું આ વર્ણન સાંભળી કપિલાનું મન વિહ્વલ બની ગયું અને તેણે મનથી નિર્ણય કર્યો કે 'એક વખત કોઈ પણ ઉપાયે સુદર્શન જોડે મેળાપ કરવો.' સાદી દેખાતી વાતમાંથી પણ કેવું ગંભીર પરિણામ આવે છે, તે આ પરથી સમજી શકાશે.

એક વાર કપિલને કોઈ કામપ્રસંગે બહાર ગામ જવાનું થયું, એટલે કપિલાએ સુદર્શનને ત્યાં જઈને કહ્યું કે 'તમારા મિત્ર કપિલ બિમાર છે, તે તમને ખૂબ યાદ કરે છે, માટે મારી સાથે ચાલો.'

સુદર્શનનું હૃદય નિર્મળ હતું, એટલે તેને આ વાતમાં કપટની ગંધ શી રીતે આવે? તે કપિલાની સાથે તેનાં ઘરે ગયો. ત્યાં ઘરમાં દાખલ થતાં જ પ્રશ્ન કર્યો કે 'મારા બિમાર મિત્ર કયાં છે?' કપિલાએ કહ્યું કે 'તે અંદરના ખંડમાં સૂતા છે.' અને તે સુદર્શનને લઈ આગળ વધી. પાછળ કહી રાખ્યા મુજબ દાસીએ બારણાંને સાંકળ ચડાવી દીધી.

જ્યારે અંદરનો ખંડ આવ્યો, ત્યારે કપિલાએ કહ્યું કે 'તમારા મિત્ર બિમાર નથી, એ તો બહાર ગામ ગયા છે. ખરી બિમાર તો હું છું.' પરંતુ સુદર્શન પોતાના નિયમમાં વજ્ર જેવો દૃઢ હતો. તેણે આજપર્યંત કોઈ સ્ત્રી સામે ઊંચી આંખે જોયું પણ ન હતું, એટલે તે કપિલાની આ વાતમાં શેનો આવે? પંતુ તેના પંજામાંથી છટકવું કેમ? એ એક વિચારણીય પ્રશ્ન હતો. પ્રથમ ક્ષણે તેને શિખામણ

આપવાનો વિચાર આવ્યો, પણ વિષયથી ઉન્મત્ત થયેલા કોની શિખામણ માને છે? એટલે એ વિચાર પડતો મૂકયો અને યુક્તિથી પોતાનો બચાવ કરી લેવાનો નિર્ણય કર્યો.

સુદર્શને કહ્યું: 'ભાભી તમે ભૂલ્યા. આ તો તમે ભિક્ષુક આગળ ભિક્ષા માગી, વંધ્યા આગળ પુત્ર માગ્યો. આ શરીર પર રૂપ દેખાય છે એટલું જ, પણ મારાથી કોઇની ઈચ્છા પૂરી થાય તેમ નથી.'

આ સાંભળી કપિલા ભોંઠી પડી. તેને લાગ્યું કે પોતે સુદર્શનને અહીં લાવવામાં ગંભીર ભૂલ કરી છે, એટલે તેની ક્ષમા માગી અને બારણાં ઉઘાડી નાખ્યાં. આ રીતે સુદર્શનનો નિયમ અચળ રહ્યો. જો મનુષ્યનું મન દૃઢ હોય તો એ પોતાનો નિયમ જરૂર સાચવી શકે છે.

એક વાર રાજરાણી અભયા તથા કપિલા રાજમહેલના ગોખે બેસી વસંત ઋતુની શોભા નિહાળી રહ્યા હતા, એવામાં રૂપે રંભા સમાન એક સ્ત્રીને સામેથી આવતી જોઈ. તેની સાથે દેવકુમાર જેવા નાના મોટા છ પુત્રો હતા. કપિલા તેના સામું ટીકી ટીકીને જોઈ રહી. પછી તેણે અભયાને પ્રશ્ન કર્યો કે 'રાણીજી આ સ્ત્રી કોણ છે?'

અભયે કહ્યું કે 'તું એને ઓળખતી નથી? એ તો સુદર્શન શેઠની સ્ત્રી મનોરમા છે. તેની સાથે ચાલે છે તે એના છ પુત્રો છે.'

કપિલાએ કહ્યું કે 'આપની કંઇક ભૂલ થાય છે. સુદર્શન શેઠને સ્ત્રી કેવી ને પુત્ર કેવા?'

અભયા કહે, ‘કપિલા! તું આવો પ્રશ્ન કેમ કરે છે? સુદર્શન શેઠ તો ખૂબ ભાગ્યશાળી છે, એટલે તેને આવી મનોહર સ્ત્રી મળી છે અને તેનાથી આ દેવકુમાર જેવા છ પુત્રો થયાં છે.’

કપિલા કહે, ‘એ તો પુરુત્વહીન છે. તેને પુત્રપરિવાર થાય શી રીતે?’ પછી તેણે પોતાનો અનુભવ કહી સંભળાવ્યો.

એ સાંભળી અભયાએ હસતાં હસતાં કહ્યું કે ‘ગાંડી રે ગાંડી! તું આબાદ છેતરાઈ ગઈ છે. તેં એનું શરીર પણ ન પારખ્યું? તારી જગાએ હું હોઉં તો આવી ભૂલ ન જ કરું.’

આ શબ્દો કપિલાને હાડોહાડ લાગી ગયા. અભયા પોતાને મૂર્ખ માને એ તેને બિલકુલ રુચ્યું નહિ. એથી તે બોલી કે રાણીજી! બોલવું સહેલું છે, પણ કરવું બહુ મુશ્કેલ છે. એ તો સમયે આવ્યે સહુની પરીક્ષા થાય!’

આ શબ્દોએ અભયાને ચાનક ચડાવી. તે બોલી ઉઠી કે ‘જો તારા મનમાં એમ જ હોય તો હું કરી બતાવીશ.’

કપિલા કહે, ‘તો કરી બતાવજો. હું પણ જોઈશ.’

તે જ વખતે અભયાએ સુદર્શન શેઠને કોઈ પણ રીતે પોતાની જાળમાં ફસાવવાનો નિર્ણય કર્યો અને અનુકૂળ સમયની રાહ જોવા લાગી.

નાની સરખી હુંસાતુંસી કેટલીક વાર મનુષ્યને અનર્થની મોટી ખાણમાં ધકેલી દે છે, તે આનું નામ!

અનુક્રમે કૌમુદીઉત્સવનો ઢંઢેરો પીટાયો, એટલે રાજા સમેત સર્વ નગરજનો સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરીને નગર બહાર ચાલ્યા. પણ સુદર્શન શેઠ પર્વતિથિએ પોષધ કરતા હતા, એટલે તેઓ એ ઉત્સવમાં સામેલ ન થતાં એક શૂન્ય ઘરમાં જ રહ્યા. આ માટે તેમણે આગલા દિવસે રાજાની અનુમતિ મેળવી લીધી હતી.

આ બાજુ અભયા સુદર્શન શેઠની સર્વ હીલચાલ ઉપર બારીક દેખરેખ રાખતી હતી, એટલે તેને આ વાતની ખબર પડી ગઈ.

'આ તો સોનેરી તક! તેનો ઉપયોગ જરૂર કરી લેવો.' એવો વિચાર કરીને તેણે રાજાને કહ્યું કે 'આજે મારું મસ્તક દુઃખે છે, એટલે મારાથી કૌમુદી–ઉત્સવમાં સામેલ નહિ થવાય.' રાજાએ કહ્યું: 'તમને સુખ ઉપજે તેમ કરો.' આ રીતે અભયા પણ નગરમાં જ રહી.

સંધ્યાએ પોતાનો છેલ્લો પ્રકાશ પૃથ્વી પર પાથર્યો, ત્યારે અભયા સોળે સણગાર સજી તૈયાર થઈ હતી અને પોતાનું કાર્ય કેવી કુશળતાથી પાર પાડવું? તેના અનેકવિધ મનોરથો કરી રહી હતી. તેણે સિપાઇઓને ભૂલમાં નાખવા માટે એક સુંદર મોટું પૂતળું કરી રાખ્યું હતું. હવે તે કપડાં ઢાંકી માણસો દ્વારા બહારથી મહેલમાં મંગાવ્યું. સિપાઈઓએ પૂછ્યું, ત્યારે કહ્યું કે રાણીજીને આ દેવમૂર્તિની પૂજા કરવાની છે, માટે લાવ્યા છીએ. એમ કરીને અંદર ઘાલ્યું, પછી પાછું લઈ ગયા. પાછા બીજી

વાર, ત્રીજીવાર લાવ્યા. એમ કરતાં સિપાઈઓને વિશ્વાસ બેઠો અને પૂછવાનું માંડી વાળ્યું, એટલે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા સુદર્શનને કપડે ઢાંકી ઉપાડી લાવ્યા.

સુદર્શનને એક સુંદર આસન પર ઊભા કરવામાં આવ્યા છે, પણ તે નથી બોલતા કે નથી આંખો ખોલતા! જાણે કોઇ યોગીએ સમાધિ ચડાવી હોય એ રીતે તે ધ્યાનમાં ઊભા છે. મનમાં નમસ્કાર મંત્રનો જાપ ચાલુ છે. તેના કરતાં ઉત્તમ રક્ષામંત્ર આ જગતમાં બીજો કયો છે?

ગાનતાન મનુષ્યનાં મનને મોહિત કરનારાં ગણાય છે, એટલે અભયાએ પ્રથમ આશ્રય તેનો લીધો! પણ સત્ત્વશિરોમણિ સુદર્શનને તેની કંઈ પણ અસર થઇ નહિ. આથી તેણે અનેક અંગવિક્ષેપપૂર્વક નૃત્યનો આરંભ કર્યો અને તેમાં રેડાય તેટલી કળા રેડી, પણ જે ધીર પુરુષ 'सव्वं विलविअं गीअं, सव्वं नट्टं विडंबणा—સર્વ પ્રકારનું ગીત વિલાપતુલ્ય છે, અને સર્વ પ્રકારનું નૃત્ય વિડંબનારૂપ છે' એમ માનતો હોય તે એમાંથી કેમ ચળે?

પરિસ્થિતિ આ પ્રકારની જોઈને અભયાએ કહ્યું: 'ઓ સુદર્શન! હું કેટલાય દિવસથી તારું દર્શન ઝંખી રહી હતી, તારો મેળાપ ઈચ્છી રહી હતી. તે માટે આજે અનુકૂળ સમય આવ્યો છે, માટે તું મારા પ્રેમનો સ્વીકાર કર. તું કહીશ તો તને મુક્તામણિનાં અલંકારો આપીશ, તારી સાત પેઢી ખાય તો પણ ન ખૂટે એટલું ધન આપીશ.

વળી તારે હાથીઘોડાની જરૂર હોય તો હાથીઘોડા આપીશ ને જમીનની જરૂર હોય તો તને મોટી જાગીર કાઢી આપીશ.'

પરંતુ સુદર્શન શેઠ કંઇ પણ બોલ્યા નહિ. એ તો નમસ્કાર મંત્રના જાપમાં જ મગ્ન હતા.

અભયાએ જોયું કે સુદર્શન ધનવૈભવથી લોભાશે નહિ, એટલે તેણે એની દયાવૃત્તિને ઉશ્કેરવા કહ્યું કે 'સુદર્શન! તું ઘણો દયાળુ છે, તો મારા પર દયા કેમ કરતો નથી? હું તારા વિયોગથી ઝુરું છું અને આ જ રીતે કદાચ મરણ પામીશ તો તને સ્ત્રીહત્યાનું પાપ નહિ લાગે? તું શા માટે જાણીબૂઝીને સ્રીહત્યા વહોરી લે છે? એનું પાપ તારે ભવોભવમાં ભોગવવું પડશે. માટે તું મારા સંતપ્ત તનમનને શાંતિ આપ અને દયાધર્મનું પાલન કર.'

પરંતુ કર્તવ્યના વિષયમાં સુદર્શનશેઠની સમજ બરાબર કેળવાયેલી હતી, એટલે આ વચનો પણ તેમને કોઈ અસર ઉપજાવી શકયાં નહિ.

છેવટે અભયાયે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું અને તે કહેવા લાગી કે 'મારી ઈચ્છાનો અનાદર કરવાનું પરિણામ શું આવશે તે જાણે છે? તું ઘરબારથી ભ્રષ્ટ થઈશ, ધન-વૈભવથી વંચિત થઈશ અને રસ્તાનો રઝળતો ભિખારી બની જઈશ! અથવા તો તારો સર્વનાશ થવાનો છે, એટલે જ તને મારી ઇચ્છાનો અનાદર કરવાનો સૂઝે છે!'

પરંતુ સુદર્શન ધમકીથી ડરી જાય એવો કાયર ન હતો, મુશ્કેલીઓની આગળ મસ્તક નમાવી દે એવો મુફલિસ ન હતો. ઘોર સંકટસમયે પણ ધૈર્ય ધરવું એ મહર્ષિઓની શિક્ષા તેણે પોતાનાં હૃદયમાં બરાબર ઉતારી હતી. એટલે તેને આ ધમકીએ કંઇ પણ અસર કરી નહિ. હવે અભયાને માટે એક જ ઉપાય બાકી રહ્યો હતો અને તે એણે બરાબર અજમાવ્યો. પોતાનાં સર્વ અલંકારો તોડી નાખ્યાં, વસ્ત્રો વેરણછેરણ કરી નાખ્યાં અને શરીરે થોડા ઉઝરડા કરી બૂમ મારી કે 'દોડો દોડો! મને બચાવો, આ નરાધમ મને સતાવી રહ્યો છે.'

રાણીની બૂમ સાંભળી બધા દાસદાસીઓ દોડી આવ્યા ને તેમણે સુદર્શન શેઠને મુશ્કેટાટ બાંધી કેદખાનામાં પૂર્યા.

સવાર થતાં રાજા ઉત્સવમાંથી પાછો ફર્યો, ત્યારે અભયાનું મોંઢું એકદમ ઉદાસીન જોઈને તેનું કારણ પૂછવા લાગ્યો. રાણીએ કહ્યુંઃ 'આ તમારો માનીતો સુદર્શન ઉપરથી ઉજળો લાગે છે, પણ અંદરથી ઘણો નીચ છે, ઘણો પાપી છે. કાલે એ લુચ્ચો કોણ જાણે કઈ રીતે નગરમાં ભરાઈ રહ્યો હતો અને તમારા બધાની ગેરહાજરીનો લાભ લઇ મારા મહેલમાં પેસી ગયો હતો. તેના પંજામાંથી હું માંડમાંડ બચી શકી.'

રાણીની આ હકીકત સાંભળી રાજા રાતોપીળો થઈ ગયો અને સુદર્શનને પોતાની સમક્ષ રજૂ કરવા હુકમ

કર્યો. એ રીતે સુદર્શન એક કેદીની હાલતમાં તેની સમક્ષ રજૂ થયો, ત્યારે રાજાએ કહ્યું કે 'સુદર્શન ! આ હું શું સાંભળી રહ્યો છું ! ચંદ્રમાંથી અગ્નિ કેમ વરસ્યો ? ગુલાબમાંથી દુર્ગંધ કેમ પ્રગટી ? કંચનને બદલે કથીર કેમ નીકળ્યું ?'

સુદર્શન શેઠે વિચાર કર્યો કે 'જો હું બધી બનેલી હકીકત રાજાને કહીશ તો જરૂર એ રાણીને ઠાર મારશે, માટે મારા પર જ જે વીતવી હોય તે વીતવા દેવી.' અને તે પોતાના બચાવમાં અક્ષર પણ બોલ્યા નહિ.

રાજાએ કહ્યું: 'સુદર્શન ! તારી સામે ખોટું બહાનું કાઢી નગરમાં રહેવાનો આરોપ છે, અંતઃપુરમાં પ્રવેશવાનો આરોપ છે, તેમજ એક શીલવતી સ્ત્રીની મર્યાદા ભંગ કરવાનો આરોપ છે, માટે તારે બચાવમાં જે કંઇ કહેવું હોય તે કહી દે.'

છતાં સુદર્શન શેઠ મૌન રહ્યા. તેમનાં મુખ પર કોઇ જાતનો ગભરાટ ન હતો. તે પૂર્ણ ગંભીરતાથી રાજાની વાત સાંભળી રહ્યો હતો.

રાજાને લાગ્યું કે એ જરૂર ગુનેગાર છે, એટલે પોતાનો બચાવ કરવા અસમર્થ છે અને તેથી જ કંઇ પણ બોલતો નથી, એટલે તેને અવળે ગધેડે બેસાડી નગરમાં ફેરવવાની અને બહાર લઈ જઇ શૂળીએ ચઢાવવાની શિક્ષા કરી.

આ જગાએ જો બીજો કોઈ મનુષ્ય હોત તો તેણે રાજાના પગ પકડયા હોત, તેની વારંવાર ક્ષમા માગી પોતાને પ્રાણદંડમાંથી મુક્ત કરવાની અનેક કાકલુદીઓ કરી હોત, પણ સુદર્શન શેઠનું ખમીર જુદી જાતનું હતું. તે અક્ષર પણ બોલ્યા વિના સિપાઇઓની સાથે ચાલ્યા.

સિપાઇઓએ રાજાની આજ્ઞાનો અમલ કરવા તેમને ગધેડા પર અવળે મુખે બેસાડયા અને ગળામાં ખાસડાનો હાર નાખ્યો, પછી બોખરું હાડકું વગાડતાં તેમને નગરમાં ફેરવ્યા. આ જોઇ લોકોએ કેવી કેવી વાતો કરી હશે ? તેની કલ્પના પાઠકોએ સ્વયં કરી લેવી.

અનુક્રમે શૂળીનું સ્થાન આવ્યું અને સુદર્શન શેઠને શૂળી પાસે લઈ જવામાં આવ્યા. તે વખતે સ્થાનના અધિકારીએ પૂછયું કે 'તમારે કંઈ કહેવું છે ?' પણ તે કંઈ બોલ્યા નહિ. તેમનું મન નમસ્કારમંત્રમાં જ રમી રહ્યું હતું.

આ સ્થિતિમાં તેમને શૂળીએ ચડાવવામાં આવ્યા અને લોકોએ પોતાની આંખો બે હાથથી દાબી દીધી. આવું દશ્ય નજરે કેમ જોવાય ? પરંતુ થોડી જ ક્ષણો પછી તેમણે પોતાના હાથ નેત્રો પરથી ઉઠાવી લીધા ને એ નેત્રોએ શૂળી તરફ નજર નાખી તો ત્યાં જૂદું જ દશ્ય જોવામાં આવ્યું. સુવર્ણના સુંદર સિંહાસન પર સુદર્શન શેઠ બેઠા છે અને તેમનાં મુખમંડળમાંથી એક અપૂર્વ તેજોરાશિ બહાર આવી રહ્યો છે.

'થોડી ક્ષણો પહેલાં જે દશ્ય જોયું હતું તે સાચું

કે આ સાચું ?' લોકોના મનમાં ભારે ગડમથલ પેદા થઈ, પણ તેઓ જે દૃશ્ય અત્યારે જોઇ રહ્યા હતા, તે સાચું જ હતું, કેમકે સુદર્શનની પત્ની મનોરમાએ પોતાના સુશીલ પતિની આ સ્થિતિ સાંભળી કલંક ઉતારવા કાઉસ્સગ્ગ–ધ્યાન કર્યું હતું. તેના અને શિયળના પ્રભાવથી પ્રસન્ન થયેલા શાસનદેવે આ પરિસ્થિતિ નિર્માણ કરી હતી.

કૌતુકવાળી વાતને પ્રસરતા શી વાર ? એ વાત વીજળીવેગે રાજા આગળ પહોંચી, એટલે તે ઉતાવળો ઉતાવળો શૂળીનાં સ્થાને આવ્યો ને સર્વ દૃશ્ય નજરે જોતાં સુદર્શન શેઠને નમી પડયો. પછી રાણીને કંઈ પણ શિક્ષા ન કરવાનું વચન લઈને તેમણે રાજાને સઘળી હકીકત જણાવી. પરંતુ અભયા હૃદયની પાપી હતી, એટલે તેણે સુદર્શન શેઠના ચમત્કારિક બચાવની વાત સાંભળી ગળે ફાંસો ખાઈ લીધો અને પોતાનાં જીવનનો કરુણ અંત આણ્યો.

આ બનાવ પછી સંસાર પરથી વૈરાગ્ય પામીને સુદર્શન શેઠે સાધુજીવનનો સ્વીકાર કર્યો અને ઉત્કૃષ્ટ સંયમ–તપનું આરાધન કરી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી. એટલે લીધેલા નિયમો કોઇ પણ ભોગે પાળવા એમાં જ ખરી બહાદુરી છે અને એવા જ પુરુષો આ જગતમાં પોતાનાં નામ અમર કરી જાય છે, એમ ખાતરીથી માનવું.

૧૦–નિયમ એજ પ્રત્યાખ્યાન

નિયમ શબ્દની પાછળ જે ભાવ રહેલો છે, તે પ્રત્યા-

ખ્યાન શબ્દથી વિશેષ વ્યક્ત થાય છે, એટલે જૈન શાસ્ત્રોમાં તેને માટે પ્રત્યાખ્યાન કે પચ્ચકખાણ શબ્દનો જ વિશેષ પ્રયોગ થાય છે.

પ્ર૦—પ્રત્યાખ્યાનનો અર્થ શો ?

ઉ૦—પ્રત્યાખ્યાન શબ્દ ત્રણ પદોનો બનેલો છે: प्रति+आ+ख्यान. તેમાં प्रति ઉપસર્ગ પ્રતિકૂળતાનો ભાવ દર્શાવે છે, आ ઉપસર્ગ અનુકૂળતાનો અર્થ દર્શાવે છે અને ख्यान પદ કથનનો સંકેત કરે છે, એટલે જે કથન કે જે પ્રતિજ્ઞા પાપ, અસંયમ કે અવિરતિને પ્રતિકૂળ હોય અને ધર્માચરણ, સંયમ કે વિરતિને અનુકૂળ હોય તે પ્રત્યાખ્યાન કહેવાય. શ્રીયશોદેવસૂરિએ પ્રત્યાખ્યાનસ્વરૂપમાં આ વસ્તુ સ્પષ્ટ કરી છે :

> पडिकूलमविरईए, विरईभावस्स आभिमुक्खेणं ।
> खाणं कहणं सम्मं, पच्चक्खाणं विणिद्दिट्ठं ॥

'અવિરતિને પ્રતિકૂળ અને વિરતિભાવને અનુકૂળ એવું જે સમ્યક્કથન તેને જિનેશ્વરોએ પ્રત્યાખ્યાન (પચ્ચકખાણ) કહેલું છે.'

પ્રત્યાખ્યાનનો આ અર્થ થોડાં દૃષ્ટાંતોથી વધારે સ્પષ્ટ થશે. પિતાનાં ખૂનથી ઉશ્કેરાયેલો પુત્ર એવો નિયમ ગ્રહણ કરે કે 'હું ખૂનીનું કે તેના પુત્રપરિવારમાંથી કોઈનું પણ ખૂન કરીશ,' તો એ પ્રત્યાખ્યાન કહેવાય નહિ, કારણ કે તે પાપની વૃદ્ધિ કરનારું છે અને વિરતિ કે સંયમથી

પ્રતિકૂળ છે. અથવા ભાઈભાંડુઓના ઠપકા મેણાંથી ત્રાસેલો એક મનુષ્ય એવી પ્રતિજ્ઞા કરે કે 'હું યેનકેન પ્રકારેણ રોજ પચીશ રૂપિયા કમાઇ લાવીશ' તો એ પ્રતિજ્ઞા પણ નિયમ કે પ્રત્યાખ્યાન કહેવાય નહિ, કારણ કે તેમાં સ્વ-ચ્છંદને છૂટો દોર છે, એટલે અનેક પ્રકારનાં પાપોનું સેવન થવાનો સંભવ છે. તેમાં સંયમ કે વિરતિને અનુકૂળ કશું કથન નથી. અથવા એક મનુષ્ય એવી પ્રતિજ્ઞા કરે કે 'રોજ હું અમુક પ્રકારનું ભોજન કરીશ.' તો એ પ્રતિજ્ઞા પણ નિયમ કે પ્રત્યાખ્યાન કહેવાય નહિ, કારણ કે ભોજ-નની ક્રિયા સંયમગુણની પુષ્ટિ કરનારી નથી, તેમજ તેનાથી અનેક પ્રકારના આરંભ-સમારંભને ઉત્તેજન મળવાનો સંભવ છે.

હું રોજ નવકારશી કરીશ, પોરિસી કરીશ, દેવદર્શન કરવા જઇશ, પ્રભુની સેવાપૂજા કરીશ, વ્યાખ્યાન સાંભળવા જઇશ, સામાયિક કરીશ, પ્રતિક્રમણ કરીશ, અમુક દ્રવ્ય (ખાવાની વસ્તુ)થી વધારે નહિ વાપરું, અમુક વસ્તુથી વધારેનો ઉપભોગ નહિ કરું વગેરે ટેક કે પ્રતિજ્ઞાઓ અવિરતિને પ્રતિકૂળ છે અને વિરતિને અનુકૂળ છે, તેથી તેને નિયમ કે પ્રત્યાખ્યાન કહી શકાય.

પ્ર૦—નિયમ અને પ્રત્યાખ્યાન એકાર્થી છે, એવું કોઇએ સ્પષ્ટ કહ્યું છે ?

ઉ૦—હા. શ્રી હરિભદ્રસૂરિજીએ પાંચમા પંચાશકમાં

અને શ્રી યશોદેવસૂરિએ પ્રત્યાખ્યાન–સ્વરૂપમાં નિયમ અને પ્રત્યાખ્યાન એકાર્થી છે, એવું સ્પષ્ટ કહ્યું છે. જેમકે—

पच्चक्खाणं नियमो, चरित्तधम्मो होंति एगट्ठा ।
मूलगुणुत्तरविसयं, चित्तमिणं वण्णियं समये ॥

'પ્રત્યાખ્યાન, નિયમ અને ચારિત્રધર્મ એ એકાર્થી શબ્દો છે. મૂલગુણ અને ઉત્તરગુણનું વિષયભૂત આ પ્રત્યાખ્યાન શાસ્ત્રમાં અનેક રીતે વર્ણવાયેલું છે.'

पच्चक्खाणं नियमो, अभिग्गहो विरमण वय विरई ।
आसवदारनिरोहो, निवित्ति एगट्ठिया सद्दा ॥

'પ્રત્યાખ્યાન, નિયમ, અભિગ્રહ, વિરમણ, વ્રત, વિરતિ, આશ્રવદ્વારનિરોધ અને નિવૃત્તિ એ એકાર્થી શબ્દો છે.'

પ્ર૦—પ્રત્યાખ્યાન માટે આ ઉપરાંત બીજો કોઈ શબ્દ વપરાય છે?

ઉ૦—હા. તેને માટે ગુણધારણા શબ્દ વપરાય છે. આવશ્યકસૂત્રની ટીકામાં કહ્યું છે કે 'इह तु गुणधारणा प्रतिपाद्यते....सा च मूलगुणोत्तरगुण–प्रत्याख्यानरूपेति । અહીં ગુણધારણા કહેવાય છે, તે મૂલગુણ અને ઉત્તરગુણના પ્રત્યાખ્યાનરૂપ છે.'

પ્ર૦—આ પાઠ તો ટીકાનો આપ્યો, પણ મૂલ ગ્રંથોમાં એ શબ્દનો પ્રયોગ થયો છે ખરો?

ઉ૦—હા. ચઉસરણપયન્નામાં તેનો પ્રયોગ થયેલો છે. તે આ પ્રમાણે:

गुणधारणरूवेणं, पच्चक्खाणेण तवइआरस्स ।
विरियायारस्स, पुणो सव्वेहिं वि कीरए सोही ॥

'ગુણધારણરૂપ પ્રત્યાખ્યાન વડે તપના આચારોની તેમજ વીર્યાચારની સર્વ પ્રકારે શુદ્ધિ થાય છે.'

૧૧–પ્રત્યાખ્યાનના પ્રકારો

પ્રત્યાખ્યાનના મુખ્ય પ્રકારો બે છે: એક મૂલગુણ–પ્રત્યાખ્યાન અને બીજું ઉત્તરગુણ પ્રત્યાખ્યાન. અર્થાત્ એક મૂલગુણસંબંધી પ્રત્યાખ્યાન કરાય છે અને બીજું ઉત્તરગુણ સંબંધી પ્રત્યાખ્યાન કરાય છે.

મૂલગુણ પ્રત્યાખ્યાનના બે પ્રકારો છે: સર્વમૂલગુણ પ્રત્યાખ્યાન અને દેશમૂલગુણ પ્રત્યાખ્યાન. અર્થાત્ મૂલગુણનું પ્રત્યાખ્યાન બે પ્રકારે કરાય છે: એક સર્વથી અને બીજું દેશથી.

તેમાં સર્વથી મૂલગુણનું પ્રત્યાખ્યાન કરતાં પ્રાણાતિપાત–વિરમણવ્રત વગેરે સાધુનાં પાંચ મહાવ્રતો ઉચ્ચરવામાં આવે છે અને દેશથી મૂલગુણનું પ્રત્યાખ્યાન કરતાં સ્થૂલ પ્રાણાતિપાત–વિરમણ–વ્રત વગેરે શ્રાવકનાં પાંચ અણુવ્રતો ઉચ્ચરવામાં આવે છે.

ઉત્તરગુણ પ્રત્યાખ્યાનના બે પ્રકારો છે: સર્વ ઉત્તરગુણપ્રત્યાખ્યાન અને દેશઉત્તરગુણપ્રત્યાખ્યાન. અર્થાત્ ઉત્તરગુણનું પ્રત્યાખ્યાન પણ બે પ્રકારે કરાય છે: એક સર્વથી અને બીજું દેશથી.

તેમાં સર્વઉત્તરગુણપ્રત્યાખ્યાનના નીચે પ્રમાણે દશ પ્રકારો છે:

(૧) **અનાગતપ્રત્યાખ્યાન**—તપશ્ચર્યા માટે નિયત થયેલાં પર્યુષણ વગેરે પર્વો આવ્યા પહેલાંજ તપશ્ચર્યા કરી લેવી કે જેથી તે પર્વ દિવસમાં ગ્લાન, વૃદ્ધ ગુરુ આદિનું વૈયાવૃત્ત્ય થઈ શકે.

(૨) **અતિક્રાંતપ્રત્યાખ્યાન**—પર્વોમાં વૈયાવૃત્ત્યાદિ કારણે જે તપશ્ચર્યા ન થઇ શકી હોય તે પછીથી કરવી.

(૩) **કોટિસહિતપ્રત્યાખ્યાન**—ઉપવાસ વગેરે તપશ્ચર્યા પૂરી થવા વખતે જ તેવી તપશ્ચર્યા ફરીથી કરવી.

(૪) **નિયન્ત્રિતપ્રત્યાખ્યાન**—પૂર્વે જે પ્રત્યાખ્યાન કરવાનો સંકલ્પ કર્યો હોય, તે રોગાદિ કારણો ઉપસ્થિત થવા છતાં પૂરો પાડવો. (આ પ્રત્યાખ્યાન ચૌદપૂર્વી–દશ પૂર્વી તથા જિનકલ્પીઓ જેવા અતિ ઉચ્ચ કોટિના મહાત્માઓ માટે હોઈ હાલ વિચ્છેદ છે.)

(૫) **સાકાર પ્રત્યાખ્યાન**—જરૂરી આગારો (અપવાદો) સાથેનું પ્રત્યાખ્યાન. જેમકે દૂધ વાપરવાનું પ્રત્યાખ્યાન, પણ વિદેશમાં જવું પડે તો છૂટ. અથવા અમૂક પર્વ દિવસે ઉપવાસ, પણ શરીરને સમાધિ ન રહે તો છૂટ વગેરે. આજે પ્રાય: આ જાતનું પ્રત્યાખ્યાન જ અપાય છે.

(૬) **અનાકારપ્રત્યાખ્યાન**—કોઈપણ આગાર રાખ્યા વિનાનું પ્રત્યાખ્યાન.

(૭) **પરિમાણકૃતપ્રત્યાખ્યાન**—દત્તી, કવળ કે ઘરની સંખ્યાનો નિયમ કરતું પ્રત્યાખ્યાન. જેમકે આજે અમુક વખત દેવાયેલું મળે તેથી વિશેષ આહાર કરવો નહિ, અમુક કવળથી વધારે આહાર કરવો નહિ કે અમુક ઘરથી વધારે ફરીને ભિક્ષા લેવી નહિ.

(૮) **નિરવશેષ પ્રત્યાખ્યાન**—અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારે આહારનું તથા અફીણ–તમાકુ આદિનું પણ પ્રત્યાખ્યાન.

(૯) **સાંકેતિક પ્રત્યાખ્યાન**—જેમાં કોઈ પણ જાતનો સંકેત હોય તેવું પ્રત્યાખ્યાન. આ પ્રત્યાખ્યાનના નીચે પ્રમાણે આઠ પ્રકારો છે: (૧) અંગુષ્ટસહિતં–અંગુઠસહિયં–જ્યાં સુધી મૂઠીમાં અંગૂઠો રાખવામાં આવે ત્યાં સુધીનું પ્રત્યાખ્યાન. (૨) મુષ્ટિસહિતં–મૂઠિસહિયં–જ્યાં સુધી મૂઠી બાંધી પચ્ચકખાણ મોકળું ન કરવામાં આવે ત્યાં સુધીનું પ્રત્યાખ્યાન. (૩) ગ્રંથિ–સહિતં–ગંઠિસહિયં–જ્યાં સુધી કપડે ગાંઠ બાંધી રાખવામાં આવે ત્યાં સુધીનું પ્રત્યાખ્યાન. (૪) ગૃહસહિતં–ઘરસહિયં–જ્યાં સુધી ઘરે ન આવે ત્યાં સુધીનું પ્રત્યાખ્યાન. (૫) પ્રસ્વેદસહિતં–સેઉસહિયં–જ્યાં સુધી પરસેવો ન સૂકાય ત્યાં સુધીનું પ્રત્યાખ્યાન. (૬) શ્વાસ સહિતં– સાસસહિયં–જ્યાં સુધી શ્વાસ નીચે ન બેસે ત્યાં સુધીનું પ્રત્યાખ્યાન. (૭) સ્તિબુકસહિતં–થિબુઅસહિયં–જ્યાં સુધી પાત્ર વગેરે પરનાં પાણીનાં બિંદુઓ ન સૂકાય ત્યાં સુધીનું પ્રત્યાખ્યાન. અને (૮) જ્યોતિસહિતં–જોઇ સહિયં–જ્યાં સુધી દીવો બળે ત્યાં સુધીનું પ્રત્યાખ્યાન.

જેટલા વખતનું પ્રત્યાખ્યાન થાય તેટલા વખતનું પ્રત્યા. કરી લેવું એ દૃષ્ટિએ આ સાંકેતિક પ્રત્યાખ્યાનની યોજના છે. કોઇને એમ લાગતું હશે કે આમાં શું ? પણ આ પ્રત્યાખ્યાનોમાં પણ કોઇ વાર ઘણી આકરી કસોટી થાય છે. દાખલા તરીકે ચંદ્રાવતંસ રાજાએ એવો અભિગ્રહ લીધો હતો—એવું પ્રત્યાખ્યાન કર્યું હતું કે જ્યાં સુધી દીવો બળે ત્યાં સુધી કાયોત્સર્ગ–કાઉસ્સગ્ગ ન પારું. હવે દીવો બળી રહેવા આવ્યો, ત્યારે દાસીએ ધાર્યું કે અંધારું થશે તો રાજા અપ્રસન્ન થશે, તેથી તેણે દીવામાં તેલ પૂર્યું. એ રીતે ફરી પણ જ્યારે દીવામાં તેલ ખૂટવા આવ્યું, ત્યારે ફરીથી પૂર્યું. તેથી રાજા આખી રાત્રિ કાઉસ્સગ્ગ–ધ્યાને ઊભા રહ્યા અને સવાર થયું ત્યારે કાઉસ્સગ્ગ પાર્યો–પૂર્ણ કર્યો. પરંતુ તે વખતે તેમના બંને પગો લોહીથી ભરાઈ ગયા હતા, એટલે તે નીચે ઢળી પડ્યા અને કાલધર્મ પામ્યા. પ્રત્યાખ્યાનની આવી દૃઢતાથી તે દેવ થયા.

(૧૦) **અદ્ધાપ્રત્યાખ્યાન**—સમયમર્યાદાવાળું પ્રત્યાખ્યાન. આ પ્રત્યાખ્યાનને કાલિક પ્રત્યાખ્યાન પણ કહેવામાં આવે છે. તેના દસ પ્રકારો છે: (૧) નમસ્કારસહિત (નમુક્કારસહિય). આ પ્રત્યાખ્યાનને નવકારશી કહેવામાં આવે છે. તેમાં સૂર્યોદયથી બે ઘડી સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે. (૨) પૌરુષી (પોરસી). આ પ્રત્યાખ્યાનમાં સૂર્યોદયથી એક પ્રહર સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે. પ્રહર જેટલા સમયને શાસ્રીય પરિભાષામાં પૌરુષી કહેવામાં આવે છે, કારણ કે એટલો સમય પુરુષની

છાયા પરથી મપાતો હતો. જ્યારે દોઢ પ્રહર સુધી આવું પ્રત્યાખ્યાન હોય છે, ત્યારે તેને સાર્દ્ધપોરિસી કહેવામાં આવે છે. (૩) પુરિમાર્ધ–અપાર્ધ (પુરિમડ્ઢ–અવડ્ઢ). જે પ્રત્યાખ્યાનમાં સૂર્યોદયથી બે પ્રહર સુધી એટલે દિવસના પૂર્વાર્ધ સુધી ચારે આહારનું પ્રત્યાખ્યાન હોય છે, તે પરિમાર્ધ–પુરિમડ્ઢ કહેવાય છે અને સૂર્યોદયથી ત્રીજા પ્રહર સુધી એટલે અપાર્ધ સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે તેને અપાર્ધ કે અવડ્ઢ કહેવાય છે. (૪) એકાશન (એગાસણ). જેમાં સૂર્યોદયથી એક પ્રહર કે બે પ્રહર પછી માત્ર એક જ વાર અશન–ભોજન કરી શકાય તેને એકાશન કે એગાસણ કહેવાય છે. તેમાં બને તેટલો વિગઈનો ત્યાગ કરવો જરૂરી છે. હાલમાં તેને માટે એકાસણું શબ્દ પ્રચલિત છે. જેમાં ઉપરની રીતે બે જ વાર અશન–ભોજન કરી શકાય, તેને બિયાસણ એટલે બેઆસણું કહેવામાં આવે છે. (૫) એકલસ્થાન (એગલઠાણ). આ પ્રત્યાખ્યાન પણ ઉપરના જેવું જ છે, પણ તેમાં ‘ આઉંટણપસારણેણું ’ એ આગાર હોતો નથી, એટલે તેમાં શરીરનાં અંગોપાંગનો સંકોચ–વિસ્તાર થઇ શકતો નથી. (૬) આચામામ્લ (આયંબિલ). આ પ્રત્યાખ્યાન બીજી બધી રીતે એકાસણાં જેવું છે, પણ તેમાં છયે વિકૃતિ, ફળ, શાક, મરચું, ખટાશ વગેરે મસાલાનો ત્યાગ ફરજિયાત છે. શ્રી નવપદજીની ચૈત્ર તથા આસો માસની ઓળીમાં આ તપનો વિશિષ્ટ વિધિપૂર્વક આશ્રય લેવામાં આવે છે. તેનો વધારે વિકાસ વર્ધમાન આયંબિલ તપની ઓળી દ્વારા થાય છે. (૭) ઉપ-

રામતીર્થ બ્રાહ્મી તેલ

[સ્પેશીઅલ નં. ૧]

રજીસ્ટર્ડ

વાળ વધારવા, મગજ શાંત રાખવા, યાદશક્તિ સારી કરવા, શાંત નિદ્રા માટે, શરીરને માલીસ કરી સ્ફૂર્તિમાં લાવવા માટે દરેક ઋતુમાં દરેકને માટે ઉપયોગી છે. કિંમત મોટી બાટલીના રૂા. ૪–૦૦, નાની બાટલીના રૂા. ૨–૦૦

શરીર નીરોગી રાખવા માટે આકર્ષક યોગાસન ચિત્રપટ અમારે ત્યાંથી મંગાવશો. કિંમત પોસ્ટેજ સાથે રૂા. ૨–૫૦

શ્રી રામતીર્થ યોગાશ્રમ

દાદર, સેન્ટ્રલ રેલ્વે,

મુંબઈ–૧૪

કંપની લીમીટેડ

પ્રગતિસુચક આંકડાઓ

ન્યૂ ઇન્ડિયા

એકધારી પ્રગતિ કરી રહ્યું છે

વર્ષ	પ્રીમિયમની સાફી આવક	કુલ ફંડ
૧૯૫૫	રૂ. ૪,૯૭,૪૯,૮૩૪	રૂ. ૭,૦૬,૮૭,૭૩૩
૧૯૫૬	રૂ. ૫,૬૩,૭૭,૯૬૨	રૂ. ૭,૫૯,૮૨,૩૨૬
૧૯૫૭	રૂ. ૬,૩૦,૨૮,૯૩૧	રૂ. ૮,૪૯,૪૦,૮૨૬

કંપનીને ભારતમાં પ્રીમિયમની જે આવક મળે છે, લગભગ એટલીજ આવક તેના વિદેશમાંના કામકાજમાંથી તેને મળે છે. આ ઉત્તરોત્તર થતી પ્રગતિ કંપનીની કાર્યક્ષમતા તથા સેવાથી ગ્રાહકોને મળતા સંતોષનો જ્વલંત પૂરાવો છે. હવે પછી પણ અમારા માનવંતા ગ્રાહકોની એટલીજ કાર્યક્ષમતાથી સેવા કરવાનો અમે કોલ આપીએ છીએ.

સલામતી * સેવા * સંતોષ

ભારતમાં મોટામાં મોટી જનરલ ઇન્શ્યોરન્સ કંપની



ધી ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લીમીટેડ
મહાત્મા ગાંધી રોડ, મુંબઈ

વાસ. સૂર્યોદયથી માંડીને બીજા સૂર્યોદય સુધી પાણી સિવાય ત્રણ આહારનો ત્યાગ કરવો તેને તિવિહાહાર ઉપવાસનું પ્રત્યાખ્યાન કહેવાય છે અને ચારે આહારનો ત્યાગ કરવો તેને ચઉવિહાહાર ઉપવાસનું પ્રત્યાખ્યાન કહેવાય છે. આજે આ ઉપવાસને અનુક્રમે તેવિહારો ઉપવાસ અને ચઉવિહારો ઉપવાસ કહેવાય છે. તેમાં તેવિહારા ઉપવાસમાં પોરિસી કે દોઢ પોરિસી સુધી પાણી વાપરી શકાતું નથી. એકાસણથી ઉપવાસ સુધીનાં બધાં પ્રત્યાખ્યાનોમાં સૂર્યાસ્ત પછી કંઇ પણ વાપરી શકાતું નથી. (૮) દિવસચરિમ. જે પ્રત્યાખ્યાન દિવસના અંત ભાગે લેવાનું હોય તે દિવસચરિમ કહેવાય છે. તેમાં પાણહાર, ચઉવિહાર, તિવિહાર, દુવિહાર અને દેશાવકાશિકનાં પ્રત્યાખ્યાનો મુખ્ય છે. પાણહાર એટલે દિવસના અંતિમ ભાગ અને સંપૂર્ણ રાત્રિપર્યંત પાણીનો ત્યાગ. આ પ્રત્યાખ્યાન એકાસણું, બેઆસણું, એગલઠાણું તથા આયંબિલ કરનારને કરવાનું હોય છે. ચઉવિહારમાં દિવસના અંતિમ ભાગ અને સંપૂર્ણ રાત્રિપર્યંત ચારે આહારનો ત્યાગ હોય છે. તેવિહારમાં એજ રીતે અશન, ખાદિમ અને સ્વાદિમ એ ત્રણ આહારનો અને દુવિહારમાં અશન તથા ખાદિમ આ બે આહારનો ત્યાગ હોય છે તથા દેશાવકાશિકમાં સવારે ચૌદ નિયમો ધાર્યા હોય તેનો વધારે સંક્ષેપ હોય છે. (૯) અભિગ્રહ. અમુક રીતે આહાર મળે તો જ લેવો નહિ તો ઉપવાસ, અથવા અમુક રીતનું ધર્મપાલન કે પાપત્યાગ રાખવો એવા પ્રત્યાખ્યાનને અભિગ્રહ કહેવામાં આવે છે. (૧૦) વિકૃતિત્યાગ-(વિગઇત્યાગ). જેમાં ઘી,

દૂધ, દહીં, ગોળ (સાકર), તેલ અને પકવાન એ છ વિગઈ ઓમાંથી એક કે વધારેનો ત્યાગ હોય તેને વિકૃતિત્યાગ કે વિગઈત્યાગ કહેવામાં આવે છે.

દેશઉત્તરગુણપ્રત્યાખ્યાનમાં શ્રાવકનાં ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતોનો સમાવેશ થાય છે.

આ પ્રકારે પ્રત્યાખ્યાનના પ્રકારો સમજી તેનું ભાવથી આરાધન કરનાર શાશ્વત સુખ પામે છે. શ્રી આવશ્યક-નિર્યુક્તિમાં કહ્યું છે કે–

पच्चक्खाणमिणं सेविऊण भावेण जिणवरुद्दिट्ठं ।
पत्ता अणंत जीवा, सासयसुक्खं लहुं मोक्खं ॥

'શ્રીજિનેશ્વરદેવોએ કહેલાં આ પ્રત્યાખ્યાનનું ભાવપૂર્વક સેવન કરીને અનંત જીવો મોક્ષ મેળવી શાશ્વત સુખ પામ્યા છે.'

૧૨–પ્રત્યાખ્યાન કોની આગળ કરાય ?

પ્રત્યાખ્યાન કરવાનો સામાન્ય વિધિ એ છે કે તે સદ્ગુરુની આગળ કરવું અને સદ્ગુરુનો યોગ ન હોય તો જિનબિંબની સમક્ષ, સ્થાપનાચાર્યની સમક્ષ કે છેવટે આત્મસાથીએ કરવું. તે વખતે એના માટે નિયત થયેલો પાઠ બોલવો આવશ્યક છે.

૧૩–છ શુદ્ધિ

નીચેની છ શુદ્ધિપૂર્વક લેવાયેલું પ્રત્યાખ્યાન વિશેષ ફલ આપે છે:—(૧) **સ્પર્શના**—ઉચિત કાલે વિધિપૂર્વક પ્રત્યાખ્યાન લેવું. (૨) **પાલના**—પ્રત્યાખ્યાનનો હેતુ ખ્યાલમાં

Elegance in Velvet

Rich, smooth, feminine velvet. Such luxury near you. Cholis in 'ASHOK' velvet will bring you many pretty compliments.

Ashok

ASHOK VELVET MANUFACTURING CO. PRIVATE LTD.

FABRICS

Selling Agents: **Messrs. V. Chatrabhuj & Co. Private Ltd.**

M. J. Market, Bombay 2.

Telegram "PLATINUM"

with Best Compliments

CHIMANLAL MANCHAND & CO.

Jewellers.

Appointed Jewellery Valuers to
Union Govt
of
INDIA

卐

Office :
7, Dhanji Street,
Bombay.
Phone : **28749**

Show Rooms :
New Queen's Road,
opp. Opera house, **Bombay.**
Phone : **30321**

રાખી તે પ્રમાણે વર્તવું. (૩) **શોભના**—પ્રત્યાખ્યાન પારતાં પહેલાં અતિથિસંવિભાગ કરવો. (૪) **તીરણા**—પ્રત્યાખ્યાનનો સમય પૂરો થવા છતાં ધૈર્ય રાખી થોડો અધિક સમય જવા દેવો. (૫) **કીર્તના**—પ્રત્યાખ્યાન પૂરું થયે તેનું ઉત્સાહપૂર્વક સ્મરણ કરવું. અને (૬) **આરાધના**—માત્ર કર્મક્ષયનો હેતુ રાખીને પ્રત્યાખ્યાન કરવું.

આ રીતે જૈન મહર્ષિઓએ નિયમો સંબંધી સંપૂર્ણ શાસ્ત્ર રચ્યું છે અને માનવજાતિને માટે મોક્ષનો માર્ગ મોકળો કરી આપ્યો છે.

સહુ કોઈ નિયમોની આ મહત્તા સમજી તેનું આલંબન લે અને આ ભીષણ મહાસાગર તરી જાય એ અભિલાષા સાથે આ નિબંધ પૂરો કરીએ છીએ.

પરિશિષ્ટ

પ્રત્યાખ્યાનની નવકોટિ

પ્રત્યાખ્યાન એક કોટિથી માંડીને નવ કોટિ સુધી આ રીતે લેવાય છે:

એક કોટિ પ્રત્યાખ્યાન : કાયાથી કરવું નહિ.

બે કોટિ પ્રત્યાખ્યાન : વચનથી કરવું નહિ, કાયાથી કરવું નહિ.

ત્રણ કોટિ પ્રત્યાખ્યાન : મનથી કરવું નહિ, વચનથી કરવું નહિ, કાયાથી કરવું નહિ.

ચાર કોટિ પ્રત્યાખ્યાન : ત્રણ કોટિ ઉપરાંત કાયાથી કરાવવું નહિ.

પાંચ કોટિ પ્રત્યાખ્યાન : ચાર કોટિ ઉપરાંત વચનથી કરાવવું નહિ.

છ કોટિ પ્રત્યાખ્યાન : પાંચ કોટિ ઉપરાંત મનથી કરાવવું નહિ.

સાત કોટિ પ્રત્યાખ્યાન : છ કોટિ ઉપરાંત કાયાથી અનુમોદવું નહિ.

આઠ કોટિ પ્રત્યાખ્યાન : સાત કોટિ ઉપરાંત વચનથી અનુમોદવું નહિ.

નવ કોટિ પ્રત્યાખ્યાન : આઠ કોટિ ઉપરાંત મનથી અનુમોદવું નહિ.

આ રીતે નવકોટિ પ્રત્યાખ્યાન કરનાર મન–વચન–કાયાથી કરે નહિ, કરાવે નહિ અને અનુમોદે પણ નહિ.

પ્રત્યાખ્યાનના ઓગણપચાસ ભાંગા

મન, વચન અને કાયા એ ત્રણ યોગ કહેવાય છે અને કરવું નહિ, કરાવવું નહિ તથા અનુમોદવું નહિ એ ત્રણ કરણ કહેવાય છે. આ કરણ અને યોગના સંયોજનથી પ્રત્યાખ્યાનના કુલ ૪૯ ભાંગા બને છે. તે આ પ્રમાણે:

એક કરણ એક યોગે નવ ભાંગા : (૧) મનથી કરું નહિ. (૨) વચનથી કરું નહિ. (૩) કાયાથી કરું નહિ. (૪) મનથી કરાવું નહિ. (૫) વચનથી કરાવું નહિ. (૬)

સોનું-ચાંદી-પ્લેટીનમ તથા જરી
ગાળવાનું શુદ્ધ કારખાનું તથા
ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

* *

NATIONAL REFINERY NR BOMBAY

નેશનલ રીફાઈનરી છાપની ચાંદી

રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા, મુંબઈ
બોમ્બે બુલીયન એસોસીએશન લી. મુંબઈ–૨
તેમજ
ઈન્ડીયા ગવરમેન્ટ મીન્ટ, મુંબઈએ
માન્ય રાખેલ છે.

N. R. છાપ

સીલ્વર નાઈટ્રેટ બનાવનાર અને વેચનાર.

લેબોરેટરી અને રીફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટસ બુલીયન મેલ્ટીંગ
એન્ડ એસેઈંગ ડીપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઇ–૩
તાર : ARGOR

અખિલભારત જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનાં

ઉપયોગી પ્રકાશનો.

× (૧) શ્રી જૈન ગુર્જર કવિઓ ભાગ ૧ (શ્રી મો. દ. દેશાઇ) રૂા. ૫)
(૨) શ્રી જૈન ગુર્જર કવિઓ ભાગ ૨ ,, ,, રૂા. ૩)
(૩) શ્રી જૈન ગુર્જર કવિઓ ભાગ ૩ ખંડ ૧-૨ ,, ,, રૂા. ૧૦)
× (૪) શ્રી જૈન સાહિત્યનો ઇતિહાસ ,, ,, રૂા. ૬)
× (૫) શ્રી જૈન ગ્રંથાવલી રૂા. ૨)
× (૬) શ્રી જૈન મંદિરાવલી રૂા. ૧)
× (૭) શ્રી જૈન ડિરેકટરી ભાગ ૧ રૂા. ૧)
(૮) શ્રી ન્યાયાવતાર (અંગ્રેજી અને સંસ્કૃત) રૂા. ૧/૫૦
(૯) શ્રી સન્મતિતર્ક (એજ્યુકેશન બોર્ડ) રૂા. ૧)
(૧૦) શ્રી સામાયિક સૂત્ર (શ્રી મો. દ. દેશાઇ) રૂા. /૫૦
×(૧૧) Jains and Palitana
×(૧૨) Shatrunjaya Dispute
(૧૩) Jain views regarding Religious and Charitable Trusts (M. B. Jhavery)
(૧૪) ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટો વિષે જૈન મત (શ્રી મો. ભ. ઝવેરી)

ટુંક સમયમાં પ્રસિદ્ધ થશે.

(૧૫) "છાત્રાલયો અને છાત્રવૃત્તિ"
(૧૬) શ્રી જેસલમેર જ્ઞાનભંડાર સૂચિપત્ર

લખો:—**શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ**

ગોડીજી બીલ્ડીંગ, પાયધૂની, કાલબાદેવી, મુંબઇ—૨

× નિશાનીવાળાં પુસ્તકો અલભ્ય છે. (પોષ્ટ ખર્ચ અલગ સમજવું.)

કાયાથી કરાવું નહિ. (૭) મનથી અનુમોદું નહિ. (૮) વચનથી અનુમોદું નહિ. (૯) કાયાથી અનુમોદું નહિ.

એક કરણ બે યોગે નવ ભાંગા : (૧) મન–વચનથી કરું નહિ. (૨) મન–કાયાથી કરું નહિ. (૩) વચન–કાયાથી કરું નહિ. (૪) મન–વચનથી કરાવું નહિ. (૫) મન–કાયાથી કરાવું નહિ. (૬) વચન–કાયાથી કરાવું નહિ. (૭) મન–વચનથી અનુમોદું નહિ. (૮) મન–કાયાથી અનુમોદું નહિ. (૯) વચન–કાયાથી અનુમોદું નહિ.

એક કરણ ત્રણ યોગે ત્રણ ભાંગા : (૧) મન–વચન–કાયાથી કરું નહિ. (૨) મન–વચન–કાયાથી કરાવું નહિ. (૩) મન–વચન–કાયાથી અનુમોદું નહિ.

બે કરણ એક યોગે નવ ભાંગા : (૧) મનથી કરું–કરાવું નહિ. (૨) વચનથી કરું–કરાવું નહિ. (૩) કાયાથી કરું–કરાવું નહિ. (૪) મનથી કરું–અનુમોદું નહિ. (૫) વચનથી કરું–અનુમોદું નહિ (૬) કાયાથી કરું–અનુમોદું નહિ. (૭) મનથી કરાવું–અનુમોદું નહિ. (૮) વચનથી કરાવું–અનુમોદું નહિ. (૯) કાયાથી કરાવું–અનુમોદું નહિ.

બે કરણ બે યોગે નવ ભાંગા : (૧) મન–વચનથી કરું–કરાવું નહિ. (૨) મન–કાયાથી કરું–કરાવું નહિ. (૩) વચન–કાયાથી કરું–કરાવું નહિ. (૪) મન–વચનથી કરું–અનુમોદું નહિ. (૫) મન–કાયાથી કરું–અનુમોદું નહિ.

(૬) વચન–કાયાથી કરું–અનુમોદું નહિ. (૭) મન–વચનથી કરાવું–અનુમોદું નહિ. (૮) મન–કાયાથી કરાવું–અનુમોદું નહિ. (૯) વચન–કાયાથી કરાવું–અનુમોદું નહિ.

બે કરણ ત્રણ યોગે ત્રણ ભાંગા : (૧) મન–વચન–કાયાથી કરું નહિ–કરાવું નહિ. (૨) મન–વચન–કાયાથી કરું નહિ–અનુમોદું નહિ. (૩) મન–વચન–કાયાથી કરાવું નહિ–અનુમોદું નહિ.

ત્રણ કરણ એક યોગે ત્રણ ભાંગા : (૧) મનથી કરું–કરાવું–અનુમોદું નહિ. (૨) વચનથી કરું–કરાવું–અનુમોદું નહિ. (૩) કાયાથી કરું–કરાવું–અનુમોદું નહિ.

ત્રણ કરણ બે યોગે ત્રણ ભાંગા: મન–વચનથી કરું–કરાવું–અનુમોદું નહિ. (૨) મન–કાયાથી કરું–કરાવું–અનુમોદું નહિ. (૩) વચન–કાયાથી કરું–કરાવું–અનુમોદું નહિ.

ત્રણ કરણ ત્રણ યોગે એક ભાંગો : મન–વચન કાયાથી કરું–કરાવું–અનુમોદું નહિ.

આ રીતે ૯+૯+૩+૯+૯+૩+૩+૩+૧ મળી કુલ ભાંગા ઓગણપચાસ થાય છે.

इति शम् ।

ફોન નં. ૭૦૫૬૬ ગ્રામ : "Budhisurma" Bombay

અમારા માનવંતા કદરદાન ગ્રાહકોને

* સમયસરની સૂચના *

જુની અને જાણીતી બુઢીમાઈ સ્થાપિત ૧૦૦ વર્ષની પુરાણી પેઢી

મુંબઈ, ડુંગરી, પાલાગલીના જગપ્રસિદ્ધ

દાતુ મનજી પદમશી સુરમાવાલા

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક

સુરમાઓ ખરીદતાં પહેલા માનવંતા ગ્રાહકોનું લક્ષ દોરીએ છીએ કે ભીંડીબજાર, મદનપુરા, શેખમેમન સ્ટ્રીટ, મુલજી જેઠા મારકીટ કે ઝવેરી બજારના લત્તામાં કોઈ પણ દુકાને અમારા સુરમાઓ વેચાતા મળતા નથી. નોંધી રાખશો કે અમારી જુની જાણીતી દુકાન ડુંગરી મધ્યે ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, પાલાગલી, મુંબઈ નં. ૯ એ ઠેકાણે આવેલ છે.

-: નકલી સુરમાઓથી સાવધાન રહો :-

— સમયસરની ચેતવણી —

૧ અમારી બાટલીઓની પેકીંગ 'ગોળ' તેમજ એઉ બાજુ કાગળની રજીસ્ટર્ડ માર્કની સીલ તથા અમારૂં નામ જોઈ તપાસી ખાત્રી કરી લેવી.

૨ અમારા કોઇ કેન્વાસર કે એજન્ટ નથી. ફક્ત અમારી એક જ દુકાને નીચેનાં ઠેકાણે મળે છે.

૩ બહાર ગામના ઑર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

૪ ફોન નં. ૭૦૫૬૬ કરશો તો સુરમો ઘેરબેઠા પહોંચાડવામાં આવશે.

૫ ડૉકટરની મફત સલાહ મેળવો.

સોમવારે પુરુષો માટે, ગુરુવારે સ્ત્રીઓ માટે સવારે ૧૦ થી ૧૧

—: અમારૂં એક જ ઠેકાણું :—

જગપ્રસિદ્ધ દાતુ મનજી પદમશી સુરમાવાલા

૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, ડુંગરી પાલાગલી, મુંબઈ નં. ૯

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

જૈન શિક્ષાવલી

બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

સંવત ૨૦૧૬ ના માહ સુદિ પૂનમે પ્રગટ થશે.
અગાઉથી લવાજમ ભરનાર માટે સ્થાનિક રૂા. ૫-૦૦.
બહારગામ માટે રૂા. ૬-૦૦. તમારું લવાજમ આજે જ
મ. ઓ. થી મોકલી આપો.

પુસ્તકોનાં નામ

૧ સારું તે મારું
૨ જ્ઞાનજ્યોતિ
૩ દાનની દિશા
૪ કર્મસ્વરૂપ
૫ નયવિચાર
૬ સામાયિકની સુંદરતા
૭ મહામંત્ર નમસ્કાર
૮ કેટલાંક યંત્રો
૯ આયંબિલ રહસ્ય
૧૦ આહારશુદ્ધિ
૧૧ તીર્થયાત્રા
૧૨ સુધાબિન્દુ

★ જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર ★

લવાભાઇ ગુણપંત બીલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ-૯

ધી નવપ્રભાત પ્રેસ—અમદાવાદ.